eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 379**
**January 2, 2015**

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત....

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૪/૧૨/૨૦૧૪ તેમજ તા.૨૫/૧૨/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૪૮૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૫૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૪૧૦ ઘરનો સર્વે કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૬૪(ડુંભાલ–મગોબ)માં સુરત–બારડોલી રોડને લાગુ ફા.પ્લોટ નં. ૯૪ માં મિલ્કતદાર તરફથી દુકાન બનાવવા આર.સી.સી.તેમજ ચણતરકામ સહિતનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## અખબારી યાદી

સુરતઃ– સુરત મહાનગરપાલિકાના કમિશ્નર સાહેબના આદેશ મુજબ સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલ લુમ્સ કારખાનાઓ તથા અન્ય કારખાનામાં કામદારો માટે જાજરૂ અને પીવાના પાણીની ચકાસણી અંગે એક ઝુંબેશ એડી.સીટી.ઈજનેરશ્રી જે.કે.શાહના માર્ગદર્શન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ

અઠવા ઝોનનાં મિલ્કતવેરા અને વ્યવસાય વેરા વસુલાત ઝુંબેશ હેઠળ આજરોજ ઝોનનાં વોર્ડ નં.૮૫ –એ સુરત ડુમસ રોડ વિસ્તારમાં આવેલ કોર્મશીયલ મિલ્કત વીઆરમોલ માં આવેલ દુકાનોમાં વ્યવસાય વેરા વસુલાત માટે આજ રોજ સ્થળ ઉપર ઝુંબેશ હાથ ધરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલ

સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા ઝોનમાં કૃષ્ણકુંજ(અઠવા) મ્યુ. પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ ખાતે તા. ૨૬–૧૨–૨૦૧૪ થી તા. ૦૧–૦૧–૨૦૧૫ સુધી પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા"

"પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ, કુરુક્ષેત્ર જહાંગીરપુરા, સુરત" પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા" નું આયોજન તા.૧૧/૦૧/૨૦૧૫ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે દોડ સ્પર્ધા અને સવારે ૮.૦૦ કલાકે સાયકલ સ્પધા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં વ્યવસાય વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રામક બનાવાઈ રૂા.૩૫,૪૫,૫૪૧/– ની વ્યવસાય વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા વ્યવસાય વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રમક બનાવામાં આવેલ છે. વ્યવસાય વેરા ભરપાઈ કરવામાં વિલંબ કરતા કરદાતાઓ સામે આકરા પગલા લેવામાં આવી રહયા છે.

વ્યવસાય વેરા વસુલાતની ઝુંબેશના ભાગરૂપે તા.૧૫/૧૨/૧૪ થી ૨૮/૧૨/૧૪ ના પુણા કડોદરા રોડ,ભવાની ઈન્ડ.ભાઠેના મહાપ્રભુનગર એસ.કે નગર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૨૮/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ७૫૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૯૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,७૦૦/– વસુલ લેવામાં આવેલ છે...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## ગુજરાત રાજયના ૪૨મા વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન -૨૦૧૪ નો ધમાકેદાર પ્રારંભ

શિક્ષણ વિભાગ ગુજરાત રાજય અને જીઈસીઈઈઈઆરઈટીઢ ગાંધીનગર પ્રેરિત તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન લ સુરત અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરતના સંયુકતઅપક્રમે આયોજિત ગુજરાત રાજયના ૪૨મા વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન–૨૦૧૪ નો આજ રોજ શુભારંભ કરવામાં આવ્યો ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## બાકી મિલ્કત વેરો ભરપાઈ ન થતાં જાહેર રજાઓના દિવસે સેન્ટ્રલ ઝોનના કર્મચારીઓ ધ્વારા વેરા વસુલાતની ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરવામાં આવી.

તા.૨૫–૧૨–૨૦૧૪ થી તા.૨૮–૧૨–૨૦૧૪ દરમ્યાનની જાહેર રજાઓ દરમ્યાન સુરત મહાનગરપાલિકા – સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ અને આસી.કમિશનરશ્રીની સુચના અને માર્ગદર્શન હેઠળ એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગના કર્મચારીઓએ શહેરના નાનપુરા, સગરામપુરા, ઝાંપાબજાર, બેગમપુરા, મહિધરપુરા, ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, સ્વચ્છ ભારત અભિયાન અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત - સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫७ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૪૬૦ ઘરનો સર્વે કરવામાં આવેલ....

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

મે.કમિશનરશ્રીની સુચના / હુકમ અન્વયે ઝોન વિસ્તારના "0" દબાણ રૂટ ઉપર આવેલ મિલ્કતોનાં માર્જીનમાં જે કોઈ દબાણ / ગેરકાયદેસર બાંધકામો હોય તે તાકીદે દૂર કરી માર્જીન / પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવાનું અભિયાન હાથ ધરવામાં આવેલ. જેના ભાગરૂપે અગાઉ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારના ઘોડદોડ મેઈન રોડ તથા સીટીલાઈટ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસ નોટ – સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં આક્રમક બનતી વેરા વસુલાત ઝુંબેશ – બે જ દિવસમાં રૂા.૬૦,૦૦,૦૦૦/– થી વધુની વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રમક બનાવામાં આવેલ છે.વેરા ભરપાઈ કરવામાં વિલંબ કરતા કરદાતાઓ સામે આકરા પગલા લેવામાં આવી રહયા છે.

વેરા વસુલાતની ઝુંબેશના ભાગરૂપે તા.૨૯/૧૨/૧૪ તથા ૩૦/૧૨/૧૪ ના રોજ લિંબાયત સ્લમ વિસ્તાર મીઠીખાડી ,ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર, હરિઓમ ઈન્ડસ્ટ્રીયલ, ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## વરાછારોડ, મીનીબજાર વિસ્તારમાં ડાયમંડ વર્લ્ડ તથા મારૂતિચોક વિસ્તારમાં આવેલ ભગીરથનગર સોસાયટીની વ્યવસાયકારોની મિલકતો સીલ કરતું વરાછાઝોન

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં વોર્ડ નં.૧૮ઈ વરાછારોડ મીનીબજાર વિસ્તારમાં આવેલ ડાયમંડ વર્લ્ડ તથા કરંજ વિસ્તારમાં આવેલ મારૂતિચોક વિસ્તારમાં આવેલ ભગીરથનગર સોસાયટીમાં ડાયમંડ/એમ્બ્રોઈડરી યુનિટનાં ૧૧૭ જેટલા ઈ.સી./આર.સી. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – સેન્ટ્રલ ઝોન – સુરત મહાનગરપાલિકા

આથી જણાવવાનું કે, ચોકબજાર ખાતે આવેલ કિલ્લાના મેદાનમાં મહાત્માગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ૯૨.૭ બીગ એફ.એમ. ના સહયોગ ધ્વારા સ્વચ્છતા અભિયાન રાખવામાં આવેલ હતું. સદર ઝુંબેશમાં મા.મેયરશ્રી નિરંજન ઝાઝમેરા, ડે.મેયરશ્રી રંજનબેન વેકરીયા,...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

મે.કમિશનરશ્રીની સુચના/હુકમ અન્વયે ઝોન વિસ્તારના "૦" દબાણ રૂટ ઉપર આવેલ મિલ્કતોનાં માર્જીનમાં જે કોઈ દબાણ / ગેરકાયદેસર બાંધકામો હોય તે તાકીદે દૂર કરી માર્જીન / પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવા જણાવેલ. જે પ્રમાણેની કામગીરી તા.૩૦/૧૨/૧૪ ના રોજ ભટાર મેઈન રોડ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૦/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૭૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂ.૪,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૬૦૯ ઘરનો સર્વે કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત રાજયનું ૪૨મું વિજ્ઞાન–ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ભવ્ય સફળતાપૂર્વક સંપન્ન લાખો લોકોએ પ્રદર્શનની મુલાકાત લીધી.

શિક્ષણ વિભાગ–ગુજરાત રાજય અને જી.સી.ઈ.આર.ટી.લ ગાંધીનગર પ્રેરિત તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન લ સુરત અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ લ સુરતના સંયુકત ઉપક્રમે યોજાયેલ ૪૨મું વિજ્ઞાન–ગણિત અને પર્યાવરણ પ્રદર્શન–૨૦૧૪ ભવ્ય સફળતાપૂર્વક સંપન્ન થયું. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજીત રંગપુરણી અને દેશભકિત ગીત સ્પર્ધા

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસતાક દિનઃ ૨૬મી વાન્યુઆરી, ૨૦૧૫ની ઉજવણી અંર્તગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૬/૦૧/૨૦૧૫ના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓની રંગપૂરણી હરિફાઈ બપોરે ૧૨.૦ કલાકે, દેશભકિતગીત સ્પર્ધા બપોરે ૨.૦૦ કલાકે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મિલકતવેરો તથા વ્યવસાયવેરાના બાકી માંગણા બાબતે– એ.કે.રોડ વિસ્તારમાં આવેલ રિધ્ધિ સીલ્ક મીલ્સને સીલ મારતું વરાછાઝોન

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં વોર્ડ નં.૧૮ડી એ.કેરોડ વિસ્તારમાં આવેલ રિધ્ધિ સીલ્ક મીલ્સનાં ઘણાં લાંબા સમયથી મિલકતવેરો રૂા.૧૧.૭૦ લાખ તથા વ્યવસાયવેરો અંદાજીત રૂા.૨.૦૦ લાખ જેટલી રકમ ભરપાઈ કરતાં ન હોવાથી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) માંસમાવિષ્ટ અશ્વનીકુમાર વિસ્તારમાં ડિમોલીશનની કામગીરી.

પૂર્વ(વરાછા)ઝોનમાં ટી.પી. સ્કીમ નં. ૪ (અશ્વનીકુમાર–નવાગામ) ના ફા.પ્લોટ નં. ૧૬૮ પૈકીમાં આવેલ પટવા બિલ્ડીંગના નામે ઓળખાતી મિલકતમાં હયાત ગ્રાઉન્ડ ફ્લોર + પ્રથમ માળ ના બિલ્ડીંગ પર બીજો માળ બનાવવાના ઈરાદે કરવામાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસ નોટ – સુરત મહાનગરપાલિકા – જી.આઈ.એસ. બેઝ ઓનલાઈન સીસ્ટમ

જીઓગ્રાફીક ઈન્ફોર્મેશન સીસ્ટમ (જી.આઈ.એસ)એ શહેરી વિસ્તારમાં સચોટ અને ઝડપી નિર્ણયો લેવાની સવલત પુરી પાડતી અદ્યતન ટેકનોલોજી છે. સદર સીસ્ટમ સુરત મહાનગરપાલિકા તેમજ શહેરીજનોના બહોળા ઉપયોગ માટે છે. આ સીસ્ટમનો ઉદેશ્ય ઈ–ગવર્નન્સ થકી જનતાને પારદર્શક રીતે વહીવટી તંત્રની નજીક લાવવાનો છે. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) માંસમાવિષ્ટ પુણા વિસ્તારમાં ડિમોલીશનની કામગીરી તેમજ દબાણ ઉચકવાની કામગીરી.

પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં મોજે : પુણા તથા ડ્રા.ટી.પી.સ્કીમ નં.૧૧(પુણા), બ્લોક નં. ૪૫૮ માં આવેલ સત્યનારાયણ સોસાયટીમાં ૧૨.૦૦ મી. ટી.પી. રસ્તાની અસરમાં કરવામાં આવેલ દબાણ પૈકીના ઓટલાં, જાળી, દાદર, હોર્ડીગ્સ, બેનરો વિગેરે દુર કરીને આશરે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

ભમહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૧૫/૧૨/૨૦૧૪ થી તા.૨૧/૧૨/૨૦૧૪ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોળથા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોળથા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ મળી કુલ રૂ.૧,૦૭,૨૩૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે.

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૪/૧૨/૨૦૧૪ તેમજ તા.૨૫/૧૨/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૪૮૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૫૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૪૧૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૮૯૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૪ ઈસમોને નોટીસ આપવામાં આવી.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર પારસ સોસાયટી, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર વેડ રોડ પંડોળ ઈન્ડ. વિભાગ, ડભોલી સીંગણપોર વિગેરે વિસ્તારમાંથી વેરા પેટે **રૂા.૨૭,૯૩,૮૬૬**/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૩,૭૭,૪૭૦/– વસુલ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૬૪(ડુંભાલ–મગોબ)માં સુરત–બારડોલી રોડને લાગુ ફા.પ્લોટ નં. ૯૪ માં મિલ્કતદાર તરફથી દુકાન બનાવવા આર.સી.સી.તેમજ ચણતરકામ સહિતનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરવામાં આવેલ.જેને અત્રેની કચેરીના સ્ટાફ દ્વારા વારંવાર અટકાવવામાં આવેલ તેમ છતાં મિલ્કતદાર દ્વારા કામ શરૂ રાખવામાં આવેલ.જે તા. ૨૬/૧૧/૧૪ ના રોજ અત્રેની કચેરીના ટેકનીકલ સ્ટાફ,દબાણ ખાતાના સ્ટાફ દ્વારા આશરે ૫૦૦ ચો.ફુટ બાંધકામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ તેમજ મિલ્કતદાર પાસેથી રૂા. ૧૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે વસુલવામાં આવેલ.

વધુમાં ટી.પી.સ્કીમ નં.૬૧(પરવટ–ગોડાદરા)બ્લોક નં.૧૬ માંથી પસાર થતા ૧૮.૦ મી. ટી.પી.રોડમાં નડતરરૂપ આર.સી.સી. પ્લીન્થ બીમ સહિતનું બાંધકામ સ્થળ પરથી દુર કરવા અંગે ઘી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ,૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ એકટ, ૧૯૯૯ ની કલમ–૪૮–ક, ૬૭,૬૮ તથા ટાઉન પ્લાનીંગ રૂલ્સ ૧૯૭૯ ના રૂલ ૩૩ મુજબની કબજો દુર કરવાની નોટીસ આપવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ અત્રેની કચેરીના ટેકનીકલ સ્ટાફ,દબાણ ખાતાના સ્ટાફ દ્વારા આશરે ૮૦૦ ચો. ફુટ જેટલા માપવિસ્તારની સદર પ્લીન્થ દુર કરી ટી.પી.રોડ ખુલ્લો કરવામાં આવેલ છે.

સદર ટી.પી.સ્કીમ નં.૬૧(પરવટ–ગોડાદરા)માં બ્લોક નં. ૧૮૦ માં આવેલ ધ્રુવપાર્ક સોસાયટીમાંથી પસાર થતા મહારાણાપ્રતાપ ચોકથી દેવધ તરફ જતા ૪૫.૦ મી. ના રોડમાં નડતરરૂપ આશરે ૨૫ થી ૩૦ જેટલી કોમર્શીયલ દુકાનોને અગાઉ ઘી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ,૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ એકટ, ૧૯૯૯ ની કલમ–૪૮–ક, ૬૭,૬૮ તથા ટાઉન પ્લાનીંગ રૂલ્સ ૧૯૭૯ ના રૂલ ૩૩ મુજબની કબજો દુર કરવાની નોટીસ આપવામાં આવેલ. જે અન્વયે આશરે ૨૧ જેટલા મિલ્કતદારો દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કોર્ટ કેસ પ્રકરણ કરેલ. સદર કેસનો નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી નિકાલ કરવામાં આવતા સદર રસ્તો ખુલ્લો કરવાનો માર્ગ મોકળો થયેલ. જેના સંદર્ભે સદર કોમર્શીયલ બાંધકામોનું ડીમોલીશન શરૂ કરાવવામાં આવેલ જે અન્વયે સદર રસ્તામાં આવતા અંદાજે ૪૫૦૦ ચો.ફુટ જેટલા બાંધકામોનું ડીમોલીશન શરૂ કરવામાં આવેલ. સદર બાબતના કેસનો નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી પણ નિકાલ કરવામાં આવેલ હોય અસરકર્તાઓ તરફથી હથિયાર હેઠા મુકી ડીમોલીશનની કાર્યવાહીમાં સહકાર આપી સ્વૈચ્છિક ડીમોલીશન શરૂ કરવામાં આવેલ.

# અખબારી યાદી

સુરતઃ– સુરત મહાનગરપાલિકાના કમિશ્નર સાહેબના આદેશ મુજબ સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલ લુમ્સ કારખાનાઓ તથા અન્ય કારખાનામાં કામદારો માટે જાજરૂ અને પીવાના પાણીની ચકાસણી અંગે એક ઝુંબેશ એડી.સીટી.ઈજનેરશ્રી જે.કે.શાહના માર્ગદર્શન હેઠળ લિંબાયત ઝોન વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ છે. નાયબ આરોગ્ય અધિકારીશ્રી ર્ડો.પી.એચ.ઉમરીગરની સીધી દેખરેખ હેઠળ મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક તથા મદદનીશ આરોગ્ય નિરીક્ષકની બનેલી જુદી જુદી ટીમોને લિંબાયત ઝોનના આંજણા વિસ્તારમાં આવેલ સાંઈકૃપા ઈન્ડસ્ટ્રીયલ, જય નારાયણ ઈન્ડસ્ટ્રીયલ વિ–૩ અને ૪, જય નારાયણનગર ઈન્ડસ્ટ્રીયલ વિગેરેમાં આ અંગેની સઘન તપાસ હાથ ધરી હતી. તેમજ જે–તે કારખાનાદારો તરફથી કચરાનો નિકાલ વ્યવસ્થિત કરવામાં આવેલ ન હોય, કામદારો માટે જાજરૂ/મુતરડી તથા પીવાના પાણીની વ્યવસ્થા ન હોય, કચરો એકત્ર કરવા માટે કચરાના ડબ્બા રાખેલ ન હોય તેવા કારખાનાદારોને ચેતવણી તથા નોટીસ આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ ઝુંબેશ દરમ્યાન ૧૯૨ જેટલા કારખાનાઓમાં ચેકીંગ કરવામાં આવ્યું હતું. જેમાંથી ૨૧ જેટલા કારખાનેદારોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ ૨૫ જેટલા કારખાનેદારો પાસેથી સ્થળ પરજ રૂા.૧૨,૨૦૦/– જેટલો વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે. આગામી દિવસોમાં અન્ય કારખાનાઓમાં પણ આ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલ લુમ્સ કારખાના તથા અન્ય કારખાનેદારોને તેઓની સંસ્થામાં  જાજરૂ/મુતરડી, પીવાના પાણીની વ્યવસ્થા તથા કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવાની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ છે.

# પ્રેસનોટ

અઠવા ઝોનનાં મિલ્કતવેરા અને વ્યવસાય વેરા વસુલાત ઝુંબેશ હેઠળ આજરોજ ઝોનનાં વોર્ડ નં.૮૫ –એ સુરત ડુમસ રોડ વિસ્તારમાં આવેલ કોર્મશીયલ મિલ્કત વીઆરમોલ માં આવેલ દુકાનોમાં વ્યવસાય વેરા વસુલાત માટે આજ રોજ સ્થળ ઉપર ઝુંબેશ હાથ ધરવામાં આવેલ.જેમાં કુલ ૨૬ સંસ્થાઓનો બાકી વ્યવસાય વેરા જણાતા સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.જે પૈકી ૧૧ કરદાતાએ સ્થળ પર તાકીદે અંદાજીત રૂા.૬૦,૦૦૦/– (અંકે રૂપિયા સાંઠ હજાર પુરા) ભરપાઈ કરેલ છે.

આગામી દિવસોમાં અઠવા ઝોનમાં આવેલ કોર્મશીયલ,ઈન્ડસ્ટ્રીયલ સંસ્થાઓનાં બાકી વ્યવસાય વેરો જે કરદાતાઓ વેરો ભરપાઈ ન કરે તેઓની સંસ્થાને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

## પ્રેસનોટ – પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલ

સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા ઝોનમાં કૃષ્ણકુંજ(અઠવા) મ્યુ. પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ ખાતે તા. ૨૬–૧૨–૨૦૧૪ થી તા. ૦૧–૦૧–૨૦૧૫ સુધી પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ છે.

તા. ૨૬/૧૨/૨૦૧૪ના રોજ સાંજે ૭.૦૦ કલાકે માન.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા ના અધ્યક્ષપદે તથા આરોગ્ય સમિતિના અધ્યક્ષ શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા તથા સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ કિશોરીબેન રાજેન્દ્રભાઈ કાપડીયાના વરદહસ્તે આ પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે માન.સાંસદશ્રીમતિ દર્શનાબેન જરદોશ,માન.ધારાસભ્ય શ્રીમતિ સંગીતાબેન પાટીલ મા.ડે.મેયરશ્રીમતિ રંજનબેન.કે.વેકરીયા,માન.સ્થાયી સમિતિ ચેરમેનશ્રી નિરવભાઈ શાહ, માન.મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણ માન.શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિન્દલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી.તથા સાંસ્કૃતિક કાર્યક્રમને માણ્યો હતો.

પોંક ફેસ્ટીવલ દરમ્યાન નીચે જણાવેલ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

**કાર્યક્રમની વિગત**

| ક્રમ | તારીખ/વાર | કાર્યક્રમની વિગત | સમય |
|---|---|---|---|
| ૧ | ૨૬/૧૨/૧૪ શુક્રવાર | કલા સાગર કલા સંસ્થાનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭:૩૦ કલાકે |
| ૨ | ૨૭/૧૨/૧૪ શનિવાર | સરગમ ડાન્સ એકેડમીનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭:૩૦ કલાકે |
| ૩ | ૨૮/૧૨/૧૩ રવિવાર | સર્જનશ્રી સંસ્થાનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭:૩૦ કલાકે |
| ૪ | ૨૯/૧૨/૧૪ સોમવાર | એચ.વી.સ્વામિનારાયણ વિધાલય /નર્તન અકાદમી સંસ્થાનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭:૩૦ કલાકે |
| ૫ | ૩૦/૧૨/૧૪ મંગળવાર | શ્રી ભ.લ.જરીવાળા પ્રાથમિક શાળા/મહિધરપુરા અર્બન સોસાયટી પ્રાથમિક શાળા/એચ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલ/શિવરંજની ડાન્સ એકેડમીનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭:૩૦ કલાકે |
| ૬ | ૩૧/૧૨/૧૪ બુધવાર | કલરવ મ્યુઝીક એકેડમી ધ્વારા આયોજીત ઓરકેન્ટ્રા | સાંજે ૭:૩૦ કલાકે |
| ૭ | ૦૧/૦૧/૨૦૧૫ ગુરુવાર | શાળા/સંસ્થાઓનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭:૩૦ કલાકે |

–૨–

આ પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલમાં અંદાજે ૪૦ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પોંક ઉપરાંત સુરતી, સાઉથ ઈન્ડિયન, કાઠીયાવાડી, ચાઈનીઝ તેમજ સુરતી વિવિધ વાનગી વેચાણનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ફેસ્ટીવલ તા. ૨૬–૧૨–૨૦૧૪ થી તા. ૦૧–૦૧–૨૦૧૫ સુધી સાંજે ૬.૦૦ કલાકથી રાત્રે ૧૧.૦૦ કલાક દરમ્યાન જાહેર જનતા માટે ખુલ્લો રાખવામાં આવશે. **પોંક ફેસ્ટીવલમાં પધારનાર નગરજનોના બાળકો માટે ફ્રી જંમ્પીંગ ગેઈમની વ્યવસ્થા કરવામાં આવેલ છે.**

આ પ્રસંગે મહાનુભાવો, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, ચેનલોના પ્રતિનિધિઓ ફોટોગ્રાફરો તેમજ જાહેર જનતાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો

### પ્રેસનોટ

પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં સમાવિષ્ટ પટેલનગર હળપતિવાસ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૧૧, ઈન્દિરાનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧, જાડાબાવાનો ટેકરો ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧,ધરતીનગર

ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૪,અશોકનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૩, મહાકાળીનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧, શિવલાલ ચુનીલાલની ચાલ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧, જૂની ટાંકી પાળ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૨, દીનદયાળ નગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૨ તથા જવાહરનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૨ લાભાર્થીઓ મળીને કુલ–૨૮ લાભાર્થીઓને ટી.પી.સ્કીમ નં. ૭(વેસુ) ફા.પ્લોટ નં. ૧૨૫ ખાતે(૧૯ લાભાર્થીઓને ) તથા ટી.પી.૧૪ (પાલ), ફા.પ્લોટ નં. ૧૬૫ ખાતે(૦૯ લાભાર્થીઓને) સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વઘદગચોઢખકગ. અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૨૬.૧૨.૨૦૧૪ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે વરાછા ઝોન ઓફિસ ખાતે પૂર્વ ઝોન (વરાછા) ના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની  ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉચ્ચુ લાવી શકાશે.

## :: પ્રેસનોટ :: – : ''શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા'' :

''પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ, કુરુક્ષેત્ર જહાંગીરપુરા, સુરત'' પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત ''શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા'' નું આયોજન તા.૧૧/૦૧/૨૦૧૫ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે દોડ સ્પર્ધા અને સવારે ૮.૦૦ કલાકે સાયકલ સ્પર્ધા દીપ માઉન્ટેઈન સ્કુલની ગલીમાં, સંસ્કાર ભારતી વેલકમ ગેટ પહેલા, સારોલી જકાતનાકા પાસે, સુરત ઓલપાડ રોડ, સુરત ખાતે યોજવામાં આવનાર છે. આ સ્પર્ધામાં ૯ થી ૧૩ વર્ષની વયના સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારની શાળાના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત (ફોન નં. ૨૪૨૩૭૫૦ થી ૫૬–EXT : 245) ખાતેથી મેળવી તા.૦૭/૦૧/૨૦૧૫ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન ઉંમરના પુરાવા તથા મેડીકલ ફીટનેસ સર્ટીફિકેટ સાથે પરત કરવાના રહેશે. સુરત મહાનગરપાલિકા મોટી સંખ્યામાં સ્પર્ધકોને ભાગ લેવા અનુરોધ કરે છે. આ સ્પર્ધાના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ મળી શકશે.

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં વ્યવસાય વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રામક બનાવાઈ રૂા.૩૫,૪૫,૫૪૧/- ની વ્યવસાય વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા વ્યવસાય વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રમક બનાવામાં આવેલ છે. વ્યવસાય વેરા ભરપાઈ કરવામાં વિલંબ કરતા કરદાતાઓ સામે આકરા પગલા લેવામાં આવી રહયા છે.

વ્યવસાય વેરા વસુલાતની ઝુંબેશના ભાગરૂપે તા.૧૫/૧૨/૧૪ થી ૨૮/૧૨/૧૪ ના પુણા કડોદરા રોડ,ભવાની ઈન્ડ.ભાઠેના મહાપ્રભુનગર એસ.કે નગર ,ઉમા ઈન્ડ.,લક્ષ્મી મોહન ઈન્ડ.,મોમીન ઈન્ડ.કલ્યાણ ઈન્ડ., તથા ટેક્ષટાઈલ માર્કેટ વિસ્તારમાં વ્યવસાય વેરા વસુલાત અભિયાન હાથ ધરવામાં આવેલ હતું. જેમાં લિંબાયત ઝોનના એડી. સીટી.ઈજનેરશ્રી જે.કે. શાહ ના માર્ગદર્શન હેઠળ આસી. કમિશ્નરશ્રી શ્રીમતી ગાયત્રી આર.જરીવાલા તથા વ્યવસાય વેરા વિભાગના સ્ટાફે વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રમક બનાવી હતી.જેમાં વ્યવસાય વેરો બાકી હોય તેવા બાકીદારો પર કડકાઈથી ઉઘરાણી કરતા બાકીદારોએ સ્થળ પર વ્યવસાય વેરા ચુકવી દીધા હતા.

વ્યવસાય વેરા વસુલાત વધુ ઘનિષ્ઠ બનાવવા માટે હવેથી બાકીદારોનું લિસ્ટ બનાવી મિલ્કતોને સીલ મારવાની કામગીરી શરૂ કરવામાં આવનાર છે. આથી તમામ બાકી કરદાતાઓને તાત્કાલિક વ્યવસાય વેરો ભરી જવા સુચના આપવામાં આવે છે.

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૨૮/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૭૫૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૯૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૭૩૧૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૧૨૪ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૭૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૦ ઈસમોને નોટીસ આપવામાં આવી.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર પારસ સોસાયટી, ફુલપાડા નવી /જુની જી.આઈ.ડી.સી. વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ ડભોલી સીંગણપોર રોડ, બાપાસીતારામ ચોક,મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર લક્ષ્મીકાંત આશ્રમ રોડ ગજેરા રોડની સોસાયટી, ઈ.ડબલ્યુ એસ. આવાસ કોસાડ વિગેરે વિસ્તારમાંથી વેરા પેટે રૂા.**૩૬,૧૧,૧૨૬**/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.**૩,૬૧,૧૨૧**/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૭૬ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.**૧૫,૧૩,૬૯૩**/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી **રૂા.૨,૩૪,૦૫૬**/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૨ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## પ્રેસ નોટ – ગુજરાત રાજયના ૪૨મા વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન -૨૦૧૪ નો ધમાકેદાર પ્રારંભ

શિક્ષણ વિભાગ ગુજરાત રાજય અને જી.સી.ઈ.આર.ટી- ગાંધીનગર પ્રેરિત તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન લ સુરત અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરતના સંયુકતઅપક્રમે આયોજિત ગુજરાત રાજયના ૪૨મા વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન–૨૦૧૪ નો આજ રોજ શુભારંભ કરવામાં આવ્યો.

માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના વરદહસ્તે રીમોટ દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું. મધ્યસ્થ વિજ્ઞાન ભવન સમિતિના કન્વીનર શ્રી હેમેન્દ્રભાઈ બોરસલીવાલાએ સૌને આવકારતા સ્વાગત પ્રવચન કર્યુ.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારીશ્રી હિતેષભાઈ માખેચાએ સમગ્ર કાર્યક્રમના આયોજનની રૂપરેખા રજૂ કરી. જી.સી.આર.ટીના નિયામક ડો.આર.યુ.પુરોહિત સાહેબે વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન–૨૦૧૪ માટે પસંદગી પામેલ કૃતિઓના બાળ વૈજ્ઞાનિકો અને માર્ગદર્શકશ્રીઓને અભિનંદન પાઠવ્યા. તેમજ પ્રદર્શન અંગે સવિસ્તાર માહિતી રજૂ કરી હતી.

શ્રી અતુલભાઈ પટેલ(અધ્યક્ષ–ન.પ્રા.શિ.સમિતિ–સુરત) સાહેબે વકતવ્ય આપતા જણાવ્યું કે વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન–૨૦૧૪માં ગુજરાત રાજય સરકારલ સુ.મ.ન.પાલિકાલ જી.સી.ઈ.આર.ટીલ જિલ્લા શિક્ષણ અને તાલીમ સુરત તથા ન.પ્રા.શિ.સ.ના તમામ સભ્યશ્રીઓનો ખૂબ મોટો સહયોગ મળ્યો છે. આ કાર્યક્રમને સફળ બનાવવા શિક્ષક ભાઈઓ બહેનો સૌએ ભારે જહેમત લીધી છે એ બદલ સૌને અભિનંદન પાઠવું છું. આ તબકકે સુરતના દાનવીરશ્રીઓ ગોવિંદભાઈ ધોળકિયા , શ્રી લવજીભાઈ બાદશાહ , શ્રી લાલજીભાઈ પટેલ તેમજ સુનિલભાઈ શાહ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માતબર દાન આપેલ છે એ બદલ તેઓનો આભાર વ્યકત કર્યો.

ન.પ્રા.શિ.સમિતિ– સુરતના માનનીય શાસનાધિકારીશ્રી હિતેષભાઈ માખેચાને ઈનોવેશન ઈન એજયુકેશનલ એડમીનીસ્ટ્રેશન અંતર્ગત રાષ્ટ્રીય એવોર્ડ મળ્યા બદલ માન. શિક્ષણમંત્રીના વરદહસ્તે તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. તેમજ રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામેલ કૃતિઓના બાળવિજ્ઞાનીકોનું પણ સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે હાજર મંચસ્થ મહાનુભાવો તેમજ દાતાશ્રીઓનુ સ્મૃતિભેટ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્ય મહેમાનશ્રી–નાનુભાઈ વાનાણી (રાજય કક્ષાના શિક્ષણમંત્રી) સંબોધન કરતા જણાવ્યું કે વિજ્ઞાનમેળાના માધ્યમથી બાળકો વિચારતા થાય છે. આજનો બાળક ભવિષ્યમાં વિજ્ઞાની બની શકે છે. ભગવાન મોટા કે વિજ્ઞાન ? આ સવાલ જ અસ્થાને છે. વિજ્ઞાન કુદરતના રહસ્યોને સમજવાનો સફળ પ્રયત્ન કરે છે.

સુરતના મહાનગર પાલિકાના મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા સાહેબે બાળવૈજ્ઞાનિકોના માર્ગદર્શકશ્રીઓને અભિનંદન પાઠવ્યા. ન.પ્રા.શિ.સમિતિ સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન મળે તેવી શુભેચ્છા પાઠવી ન.પ્રા.શિ.સમિતિના વિધાર્થીઓને અધતન સુવિધાઓ મળી રહે તે માટે સુરત મહાનગર પાલિકા હમેશાં સહયોગી રહેશે એવી ખાતરી આપી.

શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા ( માન. શિક્ષણમંત્રીલ ગુજરાત સરકાર ) સાહેબે બાળવૈજ્ઞાનિકો અને માર્ગદર્શકશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા. આજના બાળવૈજ્ઞાનિકોને રાજય સરકાર લ કોર્પોરેશન તેમજદાતાશ્રીઓની મદદ મળી રહે છે ત્યારે બાળવૈજ્ઞાનિકો માટે વિકાસની સારી તક રહેલી છે. ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે તે માટે આયોજન , પરિશ્રમ અને મહેનતની જરૂર છે. વિજ્ઞાન આપણને સગવડ આપે છે પરંતુ આપણે તેનો દુરપયોગ કરીએ તેના વિનાશ પણ થાય છે. ગ્લોબલ વોમિંગ આપણી જ ભૂલોનું પરિણામ છે તેનાથી બચવા પર્યાવરણની જાળવણી કરવી પડશે. વિકસિત દેશોના પ્રમાણમાં હજી આપણે ઘણું કરવાનું બાકી છે. આપણા સુવર્ણ યુગનો પ્રારંભ થઈ ચુકયો છે. પ્રથમ પ્રયત્ને મંગળ પર સફળ રીતે યાને મોકલવામાં સમગ્ર વિશ્વમાં સૌ પ્રથમ આપણે સિધ્ધિ હાંસલ કરી છે.

કાર્યક્રમના અંતે આભારવિધિ શ્રી આઈ.વી. પટેલ સાહેબે કરી હતી. આ પ્રસંગે સાસંદશ્રી દર્શનાબેન જરદોશ , ધારાસભ્યશ્રીઓ , અધિકારીશ્રીઓ , પદાધિકારીશ્રીઓ, કોર્પોરેટરશ્રી , આચાર્યશ્રીઓ , શિક્ષકોશ્રીઓ , બાળવૈજ્ઞાનિકો , સમાજ સેવકો હાજર રહયા .

સમગ્ર પ્રદર્શન દરમ્યાન કાંકરાપાર પાવર પ્રોજેકટ પ્રેઝન્ટેશન તથા ઈસરો દ્વારા મંગળ મિશન મોડેલ લ જીવંત કવીઝ સ્પધા કલીન ઈન્ડિયા સંસ્થા દ્વારા કામગીરી તથા જાગૃતિ માટેની ઝુંબેશ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. તદુપરાંત સુરત

મહાનગરપાલિકાના સહકારશ્રી બાળવૈજ્ઞાનિકોને સુરત દર્શન માટે બસનો મફત લાભ આપ્યો છે તથા રોબોટ અને એલિયન આ પ્રદર્શન મુખ્ય આકર્ષણ બની રહયા છે. આજ રાત્રે ૭ : ૩૦ કલાકે સાંઈરામ દવેનો કાર્યક્રમ રજૂ થશે. તેનો લાભ સુરત શહેરની જનતા મેળવશે.

સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સફળ રહયો . કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં મુલાકાતીઓ હાજર રહયા હતા.

## પ્રેસનોટ

## બાકી મિલ્કત વેરો ભરપાઈ ન  થતાં જાહેર રજાઓના દિવસે  સેન્ટ્રલ ઝોનના કર્મચારીઓ ધ્વારા વેરા વસુલાતની ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરવામાં આવી.

તા.૨૫–૧૨–૨૦૧૪ થી તા.૨૮–૧૨–૨૦૧૪ દરમ્યાનની જાહેર રજાઓ દરમ્યાન સુરત મહાનગરપાલિકા – સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ અને આસી.કમિશ્નરશ્રીની સુચના અને માર્ગદર્શન હેઠળ એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગના કર્મચારીઓએ શહેરના નાનપુરા, સગરામપુરા, ઝાંપાબજાર, બેગમપુરા, મહિધરપુરા, રામપુરા, સ્ટેશન વિસ્તારોમાં જુદી જુદી ટીમો બનાવી મિલકત વેરા ઝુંબેશરૂપે પેટે કુલ રૂા.૫૮,૯૧,૦૬૩/– ની વસુલાત કરેલ છે. જેમાં મુખ્યત્વે નાનપુરામાં આવેલ અલ્હાબાદ બેંક પાસેથી સ્થળ ઉપર રૂા.૫,૩૨,૦૦૦/– ની વસુલાત કરેલ છે. તેમજ મિલકતવેરો નહીં ભરતાં ચાર મિલકતદારોની મિલકતો હજુરી ચેમ્બર્સ, ઝાંપાબજાર ખાતે સીલ કરવામાં આવેલ છે.

આ સમયગાળા દરમ્યાન વ્યવસાય વેરા પેટે કુલ રૂા.૮,૩૪,૪૪૪/– ની વસુલાત કરવામાં આવેલ છે તથા આ ઝુંબેશ સતત ચાલુ રાખી બાકી મિલકતદારોની મિલકતો હરાજીમાં વેચાણ કરી બાકી મિલકતવેરા વસુલવાનું આગામી આયોજન કરવામાં આવેલ છે તથા બાકી મિલકતદારોની મિલકતોને ટાંચમાં લઈ નળ અને ડ્રેનેજ કનેકશનો કાપવાની ઘનિષ્ઠ ઝુંબેશ શરુ કરવામાં આવેલ છે એવું મહાનગરપાલિકાની યાદીમાં જણાવવામાં આવેલ છે.

આથી તમામ કરદાતાઓને તાકીદ કરવામાં આવે છે કે, આપનો બાકી મ્યુ.વેરો તથા વ્યવસાય વેરો તાકીદે ભરપાઈ કરવા અનુરોધ છે.

# સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, સ્વચ્છ ભારત અભિયાન અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત - સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૯/૧૨/૨૦૧૪નાં રોજ MCI દ્વારા માન્ય ડીગ્રી અને રજીસ્ટ્રેશન અનુસાર ઝોન વિસ્તારમાં આવેલ ખાનગી હોસ્પિટલો, દવાખાનાઓ, મેટરનીટી હોમ, પેથોલોજી - લેબોરેટરીમાં મેડીકલ પ્રેકટીસ કરતા ડૉકટર / ઇસમોની ચકાસણી કરવામાં આવેલ.

આ અભિયાનમાં શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ કુલ ૭૧૦ ખાનગી હોસ્પિટલો, દવાખાનાઓ, મેટરનીટી હોમ, પેથોલોજી - લેબોરેટરી સંસ્થાઓ ચેક કરવામાં આવેલ તથા આ અભિયાન દરમ્યાન ૭૦૫ સંસ્થાઓનાં ડોકટરો એમ.સી.આઇ. ની માન્યતા તથા રજીસ્ટ્રેશન અનુસાર મેડીકલ પ્રેકટીસ કરતા જણાયેલ છે. જયારે સાઉથ ઝોન વિસ્તારમાં ૦૫ ડોકટરો MCI માન્ય ડીગ્રી ન ધરાવતા હોવાનું અને મેડીકલ પ્રેકટીસ કરતાં હોવાનું જણાયેલ છે. સાઉથ ઝોન વિસ્તારમા આ ૫ ડોકટરોની વિરુધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

| અં. નં. | વોર્ડનું નામ | ડૉકટરનું નામ | કલીનીક/દવાખાનાનું સરનામું | લાગત પોલીસ સ્ટેશન |
|---|---|---|---|---|
| ૧ | વડોદ-બુડીયા | ડૉ. સુરેન્દ્ર ધનદયાલ સીંગ<br>RMP ૭૪૦૫૦૬૧૨૩૯ | ૧૩૦, શાસ્ત્રીનગર, સાગર સિનેમા<br>રોડ, વડોદ. | પાંડેસરા જી.આઈ.ડી.સી |
| ૨ | વડોદ-બુડીયા | ડૉ. સુરેન્દ્ર પંચુ મેહતા<br>RMP ૯૭૨૪૬૪૩૮૬૫ | ૧૧૯, મહાવીર નગર , વડોદ | પાંડેસરા જી.આઈ.ડી.સી |
| ૩ | વડોદ-બુડીયા | ડૉ. નાગેન્દ્ર રાજદેવ સીંગ<br>RMP ૯૫૧૦૭૧૫૩૭૬ | ૪૧, મહાવીર નગર વડોદ. | પાંડેસરા જી.આઈ.ડી.સી |
| ૪ | ૨૭-બી ભેસ્તાન | ડૉ. ટી. કે. મજુમદાર<br>B.I.AS.M.(A.M.)<br>૮૫૩૦૧૩૦૬૪૦ | રૂમા કલીનીક બાલાજી કોમ્પ્લેક્ષ<br>દુકાન મમ. ૧,૨, વડોદ રોડ, ભેસ્તાન | પાંડેસરા જી.આઈ.ડી.સી |
| ૫ | ઉન- ગભેણી | ડૉ. સંજય ધનંજય બીસ્વાસ<br>D.E.H.M. | સાઈ કલીનીક ૨૭, સલીમનગર<br>ઉન. | સચિન પોલીસ સ્ટેશન |

વધુમાં ઉકત તમામ સંસ્થા જીપીસીબીનાં ગાઇડલાઇન અનુસાર બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ કરતા જણાયેલ છે.

# પ્રેસનોટ

પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી. ૧૩ (અડાજણ) ફા.પ્લોટ નં. ૩૦ માં રીડેવલપમેન્ટના કામમાં નડતરરૂપ એકતાનગર ઝુંપડપટ્ટી(વિદ્યાકુંજ સ્કૂલની બાજુમાં) ના માન્ય યાદીના–૫૫ લાભાર્થીઓને ટી.પી. ૧૩ (અડાજણ) ફા.પ્લોટ નં. ૩૦ ખાતે સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા JnNURM-BSUP Redevelopment અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૨૯.૧૨.૨૦૧૪ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે પશ્ચિમ ઝોન (રાંદેર) કચેરી ખાતે, પશ્ચિમ ઝોન (રાંદેર) ના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની તેમજ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સન શ્રીમતિ મીતાબેન અનિલભાઈ ચૌહાણની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉચ્ચુ લાવી શકાશે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ મંજુર ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત)માં મહાપ્રભુનગર પાસેથી પસાર થતા ૩૬.૦ મી. ના ટી.પી.રોડનું અમલીકરણ અન્વયે ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ લિંબાયત ઝોનમાં મોડન ટાઉન થી લઈને ડુંભાલ ફાયર સ્ટેશનથી લઈ મહાપ્રભુનગરથી આગળ વધતા નાગનાથ મહાદેવ મંદિર પાસેથી આગળ પસાર થઈ શિવાજીનગર માંથી ૩૬.૦ મી.નો ટી.પી.રોડ પસાર થાય છે. સદર ટી.પી.રોડ ડેવલપમેન્ટ પ્લાનમાં પણ દર્શાવવામાં આવેલ છે. સદર ટી.પી.રોડ પર નાગનાથ મહાદેવ મંદિરની બાજુમાં મિલ્કત નં.૨૫/૩,૨૫/૪,૨૫/૫ ને ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ૧૯૭૯ પ્રમાણે નોટીસ આપી કબ્જો ખાલી કરવા જમીન માલિક તથા કબ્જેદારોને જાણ કરવામાં આવેલ હતી.સદર મિલ્કતો ગ્રાઉન્ડ ફલોરની ઈન્ડ્રસ્ટ્રીયલ પ્રકારની મિલ્કતો હતી. સદર મિલ્કતો દ્વારા આશરે ટી.પી.રસ્તાની ૪૦૦૦ ચો.ફુટ જેટલી જગ્યાનો કબ્જો રોકી રાખવામાં આવેલ હતું.સદર મિલ્કતદારો પૈકી ૨૫/૫ ના મિલ્કતદાર દ્વારા સદર કબ્જો ખાલી કરવામાં ન આવતા નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટમાં રે.દિ.મુ. નં. ૧૮૦/૨૦૧૪ થી દાવો કરવામાં આવેલ છે.

સદર મિલ્કતોને કારણે આઈમાતા સર્કલ થીલઈ શિવાજીનગર સુધીના ૩૬.૦ મી. ના પહોળા રોડ પર યુટીલીટી લાઈનો જેમ કે સ્ટ્રોમ વોટર લાઈન,સ્ટ્રીટલાઈટ,ડ્રેનેજ લાઈન વિગેરે નાંખવામાં અડચણ ઉભી થતી હતી. સદર હકીકતને ધ્યાને રાખી નામદાર કોર્ટ પણ મનાઈ હુકમ આપવાની અરજી રીજેકટ કરી નાખી હતી.

આથી આજરોજ તા.૩૦/૧૨/૧૪ ના રોજ સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગ અને દબાણ સ્ટાફ તથા ખાનગી કોન્ટ્રાકટરોના માણસોથી સદર મિલ્કતો દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. સદર કાર્યવાહી દરમ્યાન મિલ્કતદારો દ્વારા ઘણો વિરોધ કરવામાં આવેલ હતો. અને કાર્યવાહી અટકાવવા ધમપછાડા કરવામાં આવેલ હતા. આખરે પોલીસ સ્ટાફની મદદ લઈ ટી.પી.રોડમાં નડતરરૂપ મિલ્કતોને દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. જે હાલ પ્રગતિ હેઠળ છે.

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૪૬૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૨૪ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૮ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ, કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર પારસ સોસાયટી, ફુલપાડા નવી / જુની જી.આઈ.ડી.સી. વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ, ડભોલી સીંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, કોસાડ, ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ વિગેરે વિસ્તારમાંથી વેરા પેટે રૂા.૩૨,૪૨,૬૩૦/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૧,૮૯,૭૨૦/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૧૩૮ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૧૧,૧૭,૧૩૧/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા.૨,૬૨,૭૬૨/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૧ લારી જપ્ત કરવામાં આવેલ છે

# સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

મે.કમિશ્નરશ્રીની સુચના / હુકમ અન્વયે ઝોન વિસ્તારના "૦" દબાણ રૂટ ઉપર આવેલ મિલ્કતોનાં માર્જીનમાં જે કોઈ દબાણ / ગેરકાયદેસર બાંધકામો હોય તે તાકીદે દૂર કરી માર્જીન / પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવાનું અભિયાન હાથ ધરવામાં આવેલ. જેના ભાગરૂપે અગાઉ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારના ઘોડદોડ મેઈન રોડ તથા સીટીલાઈટ મેઈન રોડ ઉપર આ પ્રકારની કામગીરી કરવામાં આવેલ. જે પ્રમાણેની કામગીરી હાથ ધરવા ભટાર મેઈન રોડ ઉપરના તમામ કોમ્પલેક્ષને અઠવા ઝોન તરફથી તા.૨૨/૧૨/૨૦૧૪ ના રોજ લેખિત નોટીસ આપી દિન–૨ (બે)માં સદર દબાણો દૂર કરવા જણાવવામાં આવેલ. તેમજ દૈનિક વર્તમાન પત્રમાં અખબારી યાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે ધ્યાને લઈ કેટલીક મિલ્કતો જેવી કે અંજનિ કોમ્પલેક્ષ, દેવનગર ફલેટસ્, રૂચિકા એપાર્ટમેન્ટ, શિતલ કોમ્પલેક્ષ વિગેરેના મિલ્કતદારો તરફથી સ્વૈચ્છિક રીતે માર્જીન / પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવાની / દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. તે સિવાયની અન્ય મિલ્કતોમાં આ પ્રકારની કામગીરી અત્રેની ઝોન કચેરી તરફથી આજરોજ તા.૩૦/૧૨/૧૪ ના ભટાર ચાર રસ્તા થી મજુરા ફાયર સ્ટેશન સુધીના રસ્તા પૈકી મજુરા ફાયર સ્ટેશન થી રૂપાલી નહેર તેમજ ભટાર ચાર રસ્તા થી સિલ્વર પોઈન્ટ કોમ્પલેક્ષ રસ્તા ઉપર આવેલ મિલ્કતો જેવી કે ઓમકાર પ્લાઝા, મારૂતી ફલેટસ, દેવનગર શોપીંગ, રૂપાલી હાઈરાઈઝ, મધુરમ એપાર્ટમેન્ટ વિગેરેમાં અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગ, રસ્તા વિભાગના સ્ટાફ દ્વારા બે ટીમો બનાવી કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં અંદાજે ૬૦ બેલદાર, ૨ જેસીબી, ૪ ટ્રક તેમજ સુપરવાઈઝરી સ્ટાફ દ્વારા સંયુકતપણે કામગીરી કરવામાં આવેલ. જેમાં બપોર સુધીમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

| અ.નં. | કામગીરીનો પ્રકાર | સંખ્યા / નંગ | ફુટ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | બેરીકેડીંગ / ગ્રીલ | – | ૧૫૦ રનીંગ ફુટ | સદર કામગીરી દરમ્યાન અંદાજે રૂા.૧,૬૪,૦૦૦/– ચાર્જીસ / દંડ વસુલ લેવામાં આવેલ છે. જયારે અન્યનો માલસામાન જપ્ત કરવામાં આવેલ છે. |
| ૨ | હોર્ડીગ્સ / કિયોસ્ક બોર્ડ | ૫૪ | – | |
| ૩ | ઓટલા | – | ૨૬૦૦ ચો.ફુટ | |
| ૪ | લારી ગલ્લા / કાઉન્ટર | ૦૮ | – | |
| ૫ | પતરાના શેડ / લોખંડના દાદર | – | ૮૦૦ ચો.ફુટ | |

જયારે અધૂરી રહેલ કામગીરી કામ પૂર્ણ થાય ત્યાં સુધી ચાલુ રહેશે.

વધુમાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના અન્ય વિસ્તારનાં પણ "૦" દબાણ રૂટના રસ્તા ઉપર પણ આ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સદર કામગીરી ડે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના સંયુકત સ્ટાફ દ્વારા સીકયુરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.




Nexstep
FOR GUYS
Bodycare
VIVAH EXCLUSIVE HOSIERY



## પ્રેસ નોટ – સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં આક્રમક બનતી વેરા વસુલાત ઝુંબેશ – બે જ દિવસમાં રૂા.૬૦,૦૦,૦૦૦/– થી વધુની વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રમક બનાવામાં આવેલ છે.વેરા ભરપાઈ કરવામાં વિલંબ કરતા કરદાતાઓ સામે આકરા પગલા લેવામાં આવી રહયા છે.

વેરા વસુલાતની ઝુંબેશના ભાગરૂપે તા.૨૯/૧૨/૧૪ તથા ૩૦/૧૨/૧૪ ના રોજ લિંબાયત સ્લમ વિસ્તાર મીઠીખાડી ,ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર, હરિઓમ ઈન્ડસ્ટ્રીયલ,જય ઈન્ડસ્ટ્રીયલ,તથા રીંગ રોડ સ્થીત ટેક્ષ. માર્કેટ વિસ્તારમાં સઘન વેરા વસુલાત અભિયાન હાથ ધરવામાં આવેલ હતું. જેમાં લિંબાયત ઝોનના એડી. સીટી.ઈજનેરશ્રી જે.કે. શાહ ના માર્ગદર્શન હેઠળ આસી. કમિશ્નરશ્રી શ્રીમતી ગાયત્રી આર.જરીવાલા તથા આકારણી વિભાગના સ્ટાફે વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રમક બનાવી હતી.જેમાં મિલ્કત વેરો બાકી હોય તેવા બાકીદારો પર કડકાઈથી ઉઘરાણી કરતા બાકીદારોએ સ્થળ પર વેરા ચુકવી દીધા હતા.

તા.૨૯/૧૨/૧૪ તથા ૩૦/૧૨/૧૪ ના રોજ લિંબાયત સ્લમ વિસ્તાર મીઠીખાડી માં બાકી કરદાતાઓને યોગ્ય સમજ આપવામાં આવી.હરિઓમ ઈન્ડસ્ટ્રીયલ,જય ઈન્ડસ્ટ્રીયલ,તથા રીંગ રોડ સ્થીત ટેક્ષ. માર્કેટ વિસ્તારમાં સઘન વેરા વસુલાત અભિયાન હાથ ધરવામાં આવેલ હતું.જેમા પણ મોટા મોટા બાકીદારોને ટારગેટ બનાવી વેરા વસુલાત કરવામાં આવેલ હતી. આમ બે દિવસમના વેરા વસુલાત અભિયાનમાં બાકીદારો પાસેથી કુલ રૂા.૬૦,૦૦,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ હતી.

વેરા વસુલાત વધુ ઘનિષ્ઠ બનાવવા માટે હવેથી બાકીદારો સામે નિયમ અનુસારની તમામ કાર્યવાહી પૂર્ણ કરી, જો બાકી વેરા ભરવામાં સહકાર આપવામાં ન આવશે તો નળ કનેકશન કાપવાની તથા મિલ્કતોને સીલ મારવાની કામગીરી પણ હાથધરવામાં આવનાર છે. આથી તમામ બાકી કરદાતાઓને તાત્કાલિક વેરો ભરી સુરત શહેરના વિકાસમાં સહભાગી થવા જાણ કરવામાં આવે છે.

# પ્રેસનોટ

મા.મુખ્યમંત્રીશ્રી આવાસ યોજના હેઠળ સુરત મહાનગરપાલિકા ધ્વારા ભધક ઢ ક્ષ થી ભધક ઢ જ્ઞ તથાીયન ઢ ક્ષ થીીયન ઢ ઘડ અંતર્ગત ડ્રો ધ્વારા આવાસની ફાળવણી કરવામાં આવેલ છે. જેની યાદી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ જે લાભાર્થીઓને આવાસ ફાળવવામાં આવેલ છે. તેઓએ પુરાવા, એફીડેવીટ તથા નાણાં જમા કરાવવાના રહે છે જે અંગે લાભાર્થીઓએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૧. સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઘ્દ્દ્દ(ગ્ચ્બ્ત?ગ્વ્દ્ય'ય્ઉર્બ્ઈન–ઈય્દ્ય પર મુખ્યમંત્રી ગૃહ યોજનાના આઈકોન ઉપર કલીક કરતાં સ્ક્રીન ઉપર ત્રણ લીંક જોવા મળશે. જેમાંથી ત્રીજી લીંક ''માન.મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત ડ્રોમાં સીલેકટ થયેલ અરજી માટે મકાનની ફાળવણી સંદર્ભે પુરાવા રજુ કરવા બાબત'' પર કલીક કરવું. ત્યારબાદ લાભાર્થીએ ભધક અથવાીયન જે લાગુ પડતુ હોય તે સ્કીમ સીલેકટ કરી પોતાનો અરજી નંબર / ફોર્મ નંબર એન્ટર કરી કભબચહજ બટન ઉપર કલીક કરવું. જેથી તેઓને ફાળવવામાં આવેલ ફલેટની વિગત દર્શાવતી માહિતી સ્ક્રીન ઉપર જોવા મળશે. જેમાં છેલ્લી ત્રણ કોલમમાં અનુક્રમે ઈન્ફોર્મેશન ફોર્મ, પુરાવા રજુ કરવાનું ફોર્મ તથા એફીડેવીટની મફઘદીફબમ લીંક જોવા મળશે. જેના પર કલીક કરવાથી લાભાર્થીની વિગતો અનુક્રમે ઈન્ફોર્મેશન ફોર્મ, માહિતી કાર્ડ, પ્રમાણપત્ર, પુરાવા રજુ કરવાનું ફોર્મ તથા એફીડેવીટ ડાઉનલોડ કરી શકાશે. જેની લાભાર્થીએ પ્રિન્ટ કાઢી નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

- માહિતી કાર્ડ ઉપર લાભાર્થીએ પોતાનો ફોટો ચોંટાડી લેમીનેશન કરાવી લેવું.
  નોંધ : સુરત મહાનગરપાલિકા સાથે યોજના સંદર્ભે દરેક કામગીરી અંગે મુલાકાત વખતે આ કાર્ડ અચુક સાથે રાખી રજુ કરવાનું રહેશે.
- પુરાવા રજુ કરવાનું ફોર્મ પાના નં. ૧ થી ૪ માં જણાવેલ તમામ વિગત ભરી જે તે પુરાવાઓ લાભાર્થીએ જાતે પ્રમાણિત કરી નકલ જોડવી તેમજ જે તે ઓરીજીનલ પુરાવા સાથે રાખવા.
- એફીડેવીટનો ડ્રાફટ પાના નં. ૧ થી ૩ માં જણાવેલ તમામ મુદ્દાઓનો સમાવેશ થાય તે રીતે રૂા.૧૦૦/– સ્ટેમ્પ પેપર ઉપર લાભાર્થીએ એફીડેવીટ તૈયાર કરી નોટરી કરાવી જે તે સમયે અને તારીખે ઉકત તમામ વિગતો (ઈન્ફોર્મેશન ફોર્મ, માહિતી કાર્ડ, પ્રમાણપત્ર, પુરાવા રજુ કરવાનું ફોર્મ, એફીડેવીટ તથા નાણાંનો ડ્રાફટ) પુરાવા સહીત રજુ કરવા લાભાર્થીએ રૂબરૂ હાજર રહેવાનું રહેશે.

નોંધ : ઉપરોકત તમામ વિગતો સુરત મહાનગરપાલિકાનાં તમામ નાગરીક સુવિધા કેન્દ્ર તથા ઝોન ખાતે આવેલ કલેકશન સેન્ટર ઉપરથી વિનામુલ્યે મેળવી શકાશે. નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે લાભાર્થીએ પોતાની પહોંચ લઈને જવાની રહેશે.

૨. આ યોજના અંતર્ગત ભધક આવાસની અંદાજીત કિંમત રૂા.૩,૦૦,૦૦૦/– તથા મેઈન્ટેનન્સ પેટે રૂા.૩૦,૦૦૦/– ભરવાના થાય છે. હાલ તુરંત અંદાજીત કિંમતના ૨૦% રકમ લાભાર્થીઓએ અરજી સાથે ભરેલ ડીપોઝીટની રકમ બાદ કરતાં ૩(ત્રણ) માસમાં રૂા.૫૨,૫૦૦/– ભરવાના થાય છે. જે પૈકી પ્રથમ હપ્તાના રૂા.૨૬,૫૦૦/– તથા બીજા હપ્તાના રૂા.૨૬,૦૦૦/– ડ્રાફટથી સમયપત્રક અનુસાર જમા કરાવવાના રહેશે. લાભાર્થી એકસાથે ડ્રાફટથી રૂા.૫૨,૫૦૦/– પણ પુરાવા રજુ કરવાની સાથે ભરી શકશે. અથવા તેથી વધુ રકમ જમા કરાવવા ઈચ્છતા હોય, તો તે પણ ડ્રાફટથી જમા કરાવી શકશે.

૩. આ યોજના અંતર્ગતીયન આવાસની અંદાજીત કિંમત રૂા.૭,૫૦,૦૦૦/– તથા મેઈન્ટેનન્સ પેટે રૂા.૫૦,૦૦૦/– ભરવાના થાય છે. હાલ તુરંત અંદાજીત કિંમતના ૨૦% રકમ લાભાર્થીઓએ અરજી સાથે ભરેલ ડીપોઝીટની રકમ બાદ કરતાં ૩(ત્રણ) માસમાં રૂા.૧,૩૦,૦૦૦/– ભરવાના થાય છે. જે પૈકી પ્રથમ હપ્તાના રૂા.૬૫,૦૦૦/– તથા બીજા હપ્તાના રૂા.૬૫,૦૦૦/– ડ્રાફટથી સમયપત્રક અનુસાર જમા કરાવવાના રહેશે. લાભાર્થી એકસાથે ડ્રાફટથી રૂા.૧,૩૦,૦૦૦/– પણ પુરાવા રજુ કરવાની સાથે ભરી શકશે. અથવા તેથી વધુ રકમ જમા કરાવવા ઈચ્છતા હોય, તો તે પણ ડ્રાફટથી જમા કરાવી શકશે.

લાભાર્થીઓએ માહિતી કાર્ડ ફોટા સહિત, પ્રમાણપ્રત્ર,પુરવા રજુ કરવાનું ફોર્મ,એફીડેવીટ તથા ડ્રાફટ સાથે પત્રમાં જણાવેલ સ્થળે જે તે તારીખે નકકી થયેલ સમય દરમ્યાન રૂબરૂ હાજર રહેવું.અરજદારો દ્વારા ભરવામાં આવેલ તમામ ફોર્મ સાથે સામેલ પુરાવાઓની મહાનગરપાલિકા ઝીણવટભરી ચકાસણી કરશે.જે લાભાર્થીઓને આવાસનો લાભ મળેલ છે.તેઓ પોતાના કોઈ પણ પુરાવા ખોટા રજુ કરશે તો અરજદારોએ અરજીસાથે ભરેલ ડીપોઝીટની રકમ તથા ત્યારબાદ ભરેલ હપ્તાના નાણાંની રકમ જપ્ત કરવામા આવશે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

**મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૩૦/૧૨/૨૦૧૪નાં રોજ શહેરમાં આવેલ તમામ ધાર્મિક સ્થળો જેવા કે મંદિર, મસ્જિદ, દરગાહ, ચર્ચ, ગુરુદ્વારા, અગિયારી, દહેરાસર, સ્મશાનગૃહ, કબ્રસ્તાન વિગેરેની આસ–પાસ સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવેલ છે.**

**આ અભિયાનમાં શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ ૫૫૩–મંદિરો, ૨૦૩–મસ્જિદો, ૧૮–દરગાહ, ૦૬–ચર્ચ, ૦૪–ગુરુદ્વારા, ૦૯–અગિયારી, ૫૩–દહેરાસરો મળી કુલ ૮૪૬ ધાર્મિક સ્થળો તથા ૪૦–સ્મશાનગૃહ / કબ્રસ્તાનની આસપાસ તળીયાઝાટક સાફ–સફાઈ કરાવી કચરા માટી મિશ્રિત ઢગલાનો નિકાલ કરાવી, જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.**

: પ્રે સ નો ટ :

## વરાછારોડ, મીનીબજાર વિસ્તારમાં ડાયમંડ વર્લ્ડ તથા મારૂતિચોક વિસ્તારમાં આવેલ ભગીરથનગર સોસાયટીની વ્યવસાયકારોની મિલકતો સીલ કરતું વરાછાઝોન

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં વોર્ડ નં.૧૮ઈ વરાછારોડ મીનીબજાર વિસ્તારમાં આવેલ ડાયમંડ વર્લ્ડ તથા કરંજ વિસ્તારમાં આવેલ મારૂતિચોક વિસ્તારમાં આવેલ ભગીરથનગર સોસાયટીમાં ડાયમંડ/એમ્બ્રોઈડરી યુનિટનાં ૧૧૭ જેટલા ઈ.સી./આર.સી. વ્યવસાયકારો લાંબા સમયથી વ્યવસાયવેરો ભરપાઈ કરતાં ન હોવાથી તેઓને સમયાંતરે નોટીસો આપવામાં આવેલ. તેમછતાં પણ તેઓ તરફથી વ્યવસાયવેરો ન ભરાતાં અત્રેનાં વ્યવસાયવેરા તથા આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા સામુહિક ઝુંબેશ હાથ ધરી ૫૨ મિલકતો ટાંચમાં લેતાં વ્યવસાયકારો તરફથી સ્થળ પર રૂા.૧૯.૫૧ લાખનો વ્યવસાય વેરો તેમજ મિલકતવેરો ભરપાઈ કરવામાં આવેલ છે.

પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ કોમર્શીયલ કોમ્પલેક્ષ તથા ધંધાકીય સંસ્થાઓ / નગરોમાં આવેલ ડાયમંડ યુનિટો / ટેક્ષટાઈલ યુનિટોની મિલકતોનો વ્યવસાયવેરો બાકી પડે છે, તેવી મિલકતો સીલ કરી વ્યવસાયવેરો વસૂલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેથી આપનો બાકી વ્યવસાયવેરો સમયસર ભરપાઈ કરવા વ્યવસાયવેરા વિભાગ, વરાછાઝોન ઓફીસનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ છે.

## પ્રેસનોટ – સેન્ટ્રલ ઝોન – સુરત મહાનગરપાલિકા

આથી જણાવવાનું કે, ચોકબજાર ખાતે આવેલ કિલ્લાના મેદાનમાં મહાત્માગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ૯૨.૭ બીગ એફ.એમ. ના સહયોગ ધ્વારા સ્વચ્છતા અભિયાન રાખવામાં આવેલ હતું. સદર ઝુંબેશમાં મા.મેયરશ્રી નિરંજન ઝાઝમેરા, ડે.મેયરશ્રી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, સંસદ સભ્યશ્રી દર્શનાબેન જરદોસ, મ્યુ.સદસ્યશ્રી, મા.મ્યુ.કમિશ્નરશ્રી, ડે.કમિશ્નરશ્રી(હે. અને હો.), ઈ.ચા.આરોગ્ય અધિકારીશ્રી, સીટી ઈજનેરશ્રી, સીનીયર સીટીઝન, કાર્યપાલક ઈજનેરશ્રી, ડે.ઈજનેરશ્રી, મુ.આ.નિ.શ્રી ઓ હાજર રહેલ હતા.

સદર ઝુંબેશમાં ૦૧ ટ્રક, ૦૧ ટ્રેકટર તથા ૦૧ લોડર ધ્વારા માટીમિશ્રિત કચરાના ઢગલાનો અંદાજીત ૧૧.૦૦ ટન નો કચરાનો નિકાલ કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

યુઆઈડી આધાર કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા વિસ્તારના જે કોઈ રહીશોની નોંધણી (આધાર કાર્ડ) બાકી હોય તો તેઓના રહેઠાણના નજીકના સ્થળે આધાર નોંધણી કરાવી શકે તે હેતુથી દરેક ઝોન ખાતે નીચે જણાવેલ સ્થળોએ પરમેનેન્ટ આધાર નોંધણી કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે.

| અ.નં. | ઝોન | પરમેનેન્ટ આધાર નોંધણી કેન્દ્રના સરનામાં |
|---|---|---|
| ૧ | લિંબાયત ઝોન | સીનીયર સીટીઝન હોલ, આંજણા ફાર્મની બાજુમાં, આંબેડકર વસાહત સામે, આજણા, સુરત. |
| ૨ | સેન્ટ્રલ ઝોન | સાંસ્કૃતિક ભવન, કાજીનુ મેદાન, ગોપીપુરા, સુરત. |
| ૩ | ઉધના ઝોન | મીરાંનગર વોર્ડ ઓફિસ, મીરાંનગર સોસાયટી, ઉધના ગામ, સુરત. |
| ૪ | રાંદેર ઝોન | શંકરનગર વોર્ડ ઓફિસ, પોલીસ ચોકીની બાજુમાં, પાલનપુર પાટીયા, સુરત. |
| ૫ | વરાછા ઝોન | જુની ઝોન ઓફિસ, ભાતની વાડી, માનગઢ ચોક, વરાછા રોડ, સુરત. |
| ૬ | અઠવા ઝોન | પીપલોદ વોર્ડઓફિસ, લેકવ્યુ હોટલની સામે, સ્વામીનગર સોસાયટી, પીપલોદ, સુરત. |
| ૭ | કતારગામ ઝોન | પારસ વોર્ડ ઓફિસ, પારસ પોલીસ ચોકી પાસે, કતારગામ રોડ, સુરત. |

સદરહુ આધાર નોંધણી કેન્દ્રોની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www. suratmunicipal.gov.in ખાતેથી મળી શકશે.

# સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

મે.કમિશ્નરશ્રીની સુચના/હુકમ અન્વયે ઝોન વિસ્તારના "૦" દબાણ રૂટ ઉપર આવેલ મિલ્કતોનાં માર્જીનમાં જે કોઈ દબાણ / ગેરકાયદેસર બાંધકામો હોય તે તાકીદે દૂર કરી માર્જીન / પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવા જણાવેલ. જે પ્રમાણેની કામગીરી તા.૩૦/૧૨/૧૪ ના રોજ ભટાર મેઈન રોડ પર શરૂ કરવામાં આવેલ. જે પૈકી બાકી રહેલ કામગીરી આજરોજ તા.૩૧/૧૨/૧૪ ના હાથ ધરી ભટાર મેઈન રોડ, રૂપાલી હાઈરાઈઝ થી ભટાર ચાર રસ્તા સુધીમાં તેમજ સિલ્વર પોઈન્ટ કોમ્પલેક્ષ થી વર્ધમાન કોમ્પલેક્ષ સુધીમાં આવેલ મિલ્કતો જેવી કે રાજ કોમ્પલેક્ષ સિધ્ધ રત્ન, ઉમંગ એપાર્ટમેન્ટ, કંચનગંગા, શિવમ એપાર્ટમેન્ટ, ઋષિકા એપાર્ટમેન્ટ, આદર્શ કોમ્પલેક્ષ, સંભાવના, વર્ધમાન કોમ્પલેક્ષ તથા વિગેરેમાં અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગ, રસ્તા વિભાગના સ્ટાફ દ્વારા બે ટીમો બનાવી કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં અંદાજે ૫૦ બેલદાર, ૨ જેસીબી, ૪ ટ્રક તેમજ સુપરવાઈઝરી સ્ટાફ દ્વારા સંયુકતપણે કામગીરી કરવામાં આવેલ. જેમાં બપોર સુધીમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

| અ.નં. | કામગીરીનો પ્રકાર | સંખ્યા / નંગ | ફુટ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | બેરીકેડીંગ / ગ્રીલ | – | ૨૦૮ રનીંગ ફુટ | સદર કામગીરી દરમ્યાન અંદાજે રૂા. ૬૬,૦૦૦/– ચાર્જીસ / દંડ વસુલ લેવામાં આવેલ છે. જયારે અન્યનો માલસામાન જપ્ત કરવામાં આવેલ છે. |
| ૨ | હોર્ડીંગ્સ / કિયોસ્ક બોર્ડ | ૯૫ | – | |
| ૩ | ઓટલા | – | ૧૩૦૦ ચો.ફુટ | |
| ૪ | લારી ગલ્લા / કાઉન્ટર | ૦૩ | – | |
| ૫ | પતરાના શેડ / લોખંડના દાદર | – | ૯૨૫ ચો.ફુટ | |

જયારે અધૂરી રહેલ કામગીરી કામ પૂર્ણ થાય ત્યાં સુધી ચાલુ રહેશે.

વધુમાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના અન્ય વિસ્તારનાં પણ "૦" દબાણ રૂટના રસ્તા ઉપર પણ આ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સદર કામગીરી ડે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના સંયુકત સ્ટાફ દ્વારા સીકયુરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૦/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૭૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂ.૪,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૬૦૯ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૨૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૧ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂ.૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ, કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર પારસ સોસાયટી, વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ, ડભોલી સીંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, કોસાડ, ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ વિગેરે વિસ્તારમાંથી વેરા પેટે રૂા.૩૭,૭૫,૫૭૦/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૧,૮૪,૬૪૧/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૫૦ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે

રૂા.૧૫,૮૦,૯૭૬/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૧,૮૦,૬૭૭/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

માન.અધ્યક્ષશ્રી,રૂગ્ણાલય અને તંદુરસ્ત વર્ધક સમિતિ ડો.રવીન્દ્ર પાટીલ,મ્યુ.કોર્પોરેટર શ્રીમતી સુમનબેન પાટીલ,મ્યુ. કોર્પોરેટર, કુ. લક્ષ્મીબેન ચોપારે અને મ્યુ. કોર્પોરેટર શ્રીમતી રંજનાસિંહ રાજપુત દ્વારા તા.૩૧/૧૨/૧૪ ના રોજ ઉધના–ખટોદરા હેલ્થ સેન્ટર ખાતે આવેલ સુરત રકતદાન કેન્દ્ર,હેલ્થ સેન્ટર તેમજ આઈ.સી.ડી.એસ.વિભાગની ઘટક ૪ અને ૫ ની ઓફિસની મુલાકાત લીધી હતી. સૌપ્રથમ તેઓએ સુરત રકતદાન કેન્દ્રની મુલકાત લઈ રકતદાન કેન્દ્રની વિવિધ જાણકારી રકતદાન કેન્દ્રના સ્ટાફ પાસે મેળવેલ હતી. ત્યારબાદ આ બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફલોર પર કાર્યરત હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફિસર,લેબ ટેકનીશયન,વેકસીનેટર તથા કાઉન્સેલરની મુલાકાત લઈ તેમના દ્વારા કરવામાં આવેલ કામગીરીની સમિક્ષા કરી હતી. ત્યારબાદ આઈ.સી.ડી.એસ.વિભાગની ઘટક ૪ અને ૫ ની ઓફિસની મુલાકાત લઈ સી.ડી.પી.ઓ તથા સુપરવાઈઝરને કામગીરી અંગે પૂછપરછ કરેલ હતી.

માન.અધ્યક્ષશ્રી દ્વારા આરોગ્ય વિભાગની કામગીરી વેગવંતી બને અને આરોગ્ય સેવાઓનો લાભ જરૂરિયાતમંદોને મળે તે હેતુસર દર બુધવારે તેમના દ્વારા વિવિધ આંગણવાડીની મુલાકાત લેવાનું વિચારેલ છે.જેના ભાગરૂપે આજરોજ માન.અધ્યક્ષશ્રી તથા કોર્પોરેટરશ્રીઓ પટેલ નગર ઉધના ખાતે આવેલ ૩ આંગણવાડીની મુલાકાત કરી હતી. આંગણવાડી ખાતે આંગણવાડી કાર્યકર બહેનો પાસે કામગીરીની વિગત જાણી હતી તથા ત્યાં હાજર બાળકોને બહેનો દ્વારા બાળગીત, અંક તથા કકકા–બારખડી એકશન દ્વારા રજુ કરવામાં આવેલ. આંગણવાડી ખાતે આવેલ બાળકોની સંખ્યા વધુ થાય તે માટે માન.અધ્યક્ષશ્રી દ્વારા સુચન કરવામાં આવ્યું.



આમ તેઓએ હેલ્થ સેન્ટર તથા આંગણવાડીની મુલાકાત લઈ જયાં જરૂર જણાય ત્યાં તેમના સુચનો હાજર સ્ટાફને આપેલ હતા.

**–: પ્રેસ નોટ:–**

## ગુજરાત રાજયનું ૪૨મું વિજ્ઞાન–ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ભવ્ય સફળતાપૂર્વક સંપન્ન લાખો લોકોએ પ્રદર્શનની મુલાકાત લીધી.

શિક્ષણ વિભાગ–ગુજરાત રાજય અને જી.સી.ઈ.આર.ટી.લ ગાંધીનગર પ્રેરિત તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન લ સુરત અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ લ સુરતના સંયુકત ઉપક્રમે યોજાયેલ ૪૨મું વિજ્ઞાન–ગણિત અને પર્યાવરણ પ્રદર્શન–૨૦૧૪ ભવ્ય સફળતાપૂર્વક સંપન્ન થયું.

આ પ્રદર્શનમાં સુરત મહાનગરપાલિકાનો તેમજ જી.સી.ઈ.આર.ટી.લ ગાંધીનગરનો ખૂબ જ સહયોગ મળ્યો હતો. આ ઉપરાંત શહેરની વિવિધ સેવાભાવી સંસ્થાઓ લ માન્ય ખાનગી શાળા સંચાલક મંડળ તેમજ અન્ય સંસ્થાઓનો અનન્ય સહયોગ સાંપડયો હતો. પ્રદર્શનના પ્રચાર અને પ્રસારમાં વિવિધ ઈલેકટ્રીક મીડીયા અને પ્રિન્ટ મીડીયાનો ભારે સહકાર પ્રાપ્ત થયો હતો. બાળ વૈજ્ઞાનિકો પ્રોત્સાહિત કરવા સુંદર કલર સ્ટોર્સ પ્રકાશિત કરી હતી.

વિજ્ઞાન–ગણિત અને પર્યાવરણ પ્રદર્શનની સુંદર વ્યવસ્થા જોઈને એન.સી.ઈ.આર.ટી.ના અધિકારીઓએ પ્રતિભાવ આપતા જણાવ્યું કે રાષ્ટ્રીય કક્ષાને છાજે તેવું અદભુત આયોજન જોવા મળ્યું. આ પ્રદર્શનની કામગીરીમાં જોડાયેલ તમામ મિત્રો ખૂબ–ખૂબ અભિનંદનના અધિકારી છે.

સુરત શહેરના નગરજનો માટે તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ટીમ માટે આ યાદગાર સંભારણું બની રહયું. આ પ્રદર્શનને સફળ બનાવવા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ટીમે પ્રશંસનીય કામગીરી બજાવી છે. સમગ્ર રાજયમાંથી પધારેલા બાળ વૈજ્ઞાનિકો લ માર્ગદર્શકશ્રીઓ અને શહેરીજનોએ સુંદર સહયોગ આપ્યો હતો.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્રારા લોકસંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં હાવ્યો શતો. સુંદર મજાની કૃતિઓ માણીને બાળ વૈજ્ઞાનિકો તેમજ સર્વ પ્રેક્ષકો વાહ વાહ પોકારી ઉઠયા હતા.

સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા જોઈને રાજયભરમાંથી આવેલ શિક્ષકો અચરજ પામ્યા હતા. સુંદર મજાની વ્યવસ્થા બદલ આયોજકશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આજરોજ પ્રદર્શનનો સમય ૯:૦૦ થી ૧:૦૦ સુધીનો હોવા છતાં ભારે ધસારાને પરિણામે પ્રદર્શન મોડે સુધી રાખવામાં આવ્યું હતું.

આ ત્રિદિવસીય પ્રદર્શનમાં સુરત શહેર અને સુરત જિલ્લાની વિવિધ શાળાઓના શિક્ષકો લ વિદ્યાર્થીઓએ લ સુજ્ઞ નગરજનોએ ભારે ઉત્સાહપૂર્વકભાગ લીધો હતો. પ્રદર્શનના નકકી કરેલા સમય ઉપરાંત પણ લોકો પ્રદર્શનની મુલાકાતે આવી રહયા હતાં. ત્રણ દિવસમાં સવા બે લાખ લોકોએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

:: પ્રેસનોટ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત રંગપુરણી અને દેશભકિત ગીત સ્પર્ધા

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસતાક દિનઃ ૨૬મી વાન્યુઆરી, ૨૦૧૫ની ઉજવણી અંર્તગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૬/૦૧/૨૦૧૫ના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓની રંગપૂરણી હરિફાઈ બપોરે ૧૨.૦ કલાકે, દેશભકિતગીત સ્પર્ધા બપોરે ૨.૦૦ કલાકે અને દેશભકિત અન લોક સંસ્કૃતિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્કુટિની બપોરે ૩.૦૦ કલાકે કતારગામ કોમ્યુનિટી હોલ, તરણકુંડની બાજુમાં, વસ્તા દેવડી રોડ, કતારગામ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ હરિફાઈમાં કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક વિભાગનાં ધો. ૧ તી ૮ ની શાળાની વિધાર્થીઓ કે વિધાર્થીનીઓ ભાગ લઈ શકશે. હરિફાઈમાં ધાગ લેવા માટેનાં પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, રૂમ નં. ૨૬, મુગલીસરા, સુરત ( ફોન નં. ૨૪૨૩૭૫૦ થી ૫૬– EXT : ૨૪૫) ખાતેથી તા. ૧૩/૦૧/૨૦૧૫ સુધીમાં ઓફિસ સમય રમિયાન મળી શકશે. આ સ્પર્ધાના પ્રવેશપત્રો સ્વીકારવાની અંતિમ તા. ૧૩/૦૧/૨૦૧૫ છે.

: પ્રે સ નો ટ :

## મિલકતવેરો તથા વ્યવસાયવેરાના બાકી માંગણા બાબતે– એ.કે.રોડ વિસ્તારમાં આવેલ રિધ્ધિ સીલ્ક મીલ્સને સીલ મારતું વરાછાઝોન

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં વોર્ડ નં.૧૮ડી એ.કેરોડ વિસ્તારમાં આવેલ રિધ્ધિ સીલ્ક મીલ્સનાં ઘણાં લાંબા સમયથી મિલકતવેરો રૂા.૧૧.૭૦ લાખ તથા વ્યવસાયવેરો અંદાજીત રૂા.૨.૦૦ લાખ જેટલી રકમ ભરપાઈ કરતાં ન હોવાથી તેઓને સમયાંતરે નોટીસો આપવામાં આવેલ. તેમછતાં પણ તેઓ તરફથી મિલકતવેરો તેમજ વ્યવસાયવેરાનાં નાણાં ન ભરાતાં આસી. મ્યુ. કમિશ્નરશ્રી (વરાછાઝોન) નાં માર્ગદર્શન હેઠળ અત્રેનાં આકારણી અને વસુલાત વિભાગ તેમજ વ્યવસાયવેરા વિભાગ ધ્વારા સામુહિક ઝુંબેશ હાથ ધરી સદર મિલકતને ટાંચમાં લઈ સીલ મારેલ છે.

પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ મિલકત વેરો તેમજ વ્યવસાયવેરો બાકી પડે છે, તેવી મિલકતો સીલ કરી વસૂલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેથી આપનો બાકી નીકળતો તમામ વેરો સમયસર ભરપાઈ કરવા આકારણી અને વસૂલાત વિભાગ તેમજ વ્યવસાયવેરા વિભાગ, વરાછાઝોન ઓફીસનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૨૨/૧૨/૨૦૧૪ થી તા.૨૮/૧૨/૨૦૧૪ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોળથા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોળથા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ મળી કુલ રૂા.૮૨,૬૩૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૩૧/૧૨/૨૦૧૪નાં રોજ શહેરમાં જાહેર સ્થળો, ઓફિસો, સરકારી / અર્ધસરકારી સંસ્થાઓ, શાળા–કોલેજ, હોસ્પિટલો જેવા તમાકુ પ્રોડોકટસના વેચાણ અર્થે પ્રતિબંધિત વિસ્તારોમાં તમાકુ, ગુટખા, પાન મસાલા, બીડી સિગારેટ તથા અન્ય તમાકુની બનાવટોના વેચાણ તથા જાહેરમાં થૂંકવા પર પ્રતિબંધના અમલીકરણના ચેકીંગની કામગીરી કરાવવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન જાહેર સ્થળો, ઓફિસો, સરકારી / અર્ધસરકારી સંસ્થાઓ, શાળા–કોલેજ, હોસ્પિટલોની આસ–પાસના વિસ્તારોમાં તમાકુ પ્રોડોકટસનું વેચાણ કરતી કુલ ૪૮૪ લારી / પાનના ગલ્લા / સંસ્થાઓમાંથી, ૬૯૫–ગુટખા, ૬૧૯– તમાકુની પડીકી, ૧૧૯–બીડી બંડલ અને ૬૬– સિગારેટ પેકેટસ જપ્ત કરી, કુલ–૨૮ નોટીસ પાઠવી, રૂા. ૪૨,૩૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો.

# પ્રેસનોટ

પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં સમાવિષ્ટ એકતાનગર નવી વસાહત (પાલ જકાતનાકા) ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૪૬૮ લાભાર્થીઓને ટી.પી.સ્કીમ નં. ૧૪(પાલ), ફા.પ્લોટ નં. ૧૫૩ ખાતે ૨૬૯ લાભાર્થીઓને તથા ટી.પી.સ્કીમ નં. ૧૪(પાલ), ફા.પ્લોટ નં. ૧૭૯ ખાતે ૧૨૮ લાભાર્થીઓને તેમજ ટી.પી.સ્કીમ નં. ૧૩(અડાજણ), ફા.પ્લોટ નં.૩૦ ખાતે ૭૧ લાભાર્થીઓને સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વદ્યદગચોઢખકગ. રી–ડેવલેપમેન્ટ અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૩૧.૧૨.૨૦૧૪ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કોમ્યુનિટી હોલ, રામેશ્વરમ રેસીડેન્સી પાલ ખાતે પશ્ચિમ ઝોન (રાંદેર) ના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની તેમજ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સન શ્રીમતિ મીતાબેન અનિલભાઈ ચૌહાણની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૧/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૨૬૯ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૫૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૮ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર પારસ સોસાયટી, ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી.,વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ, ડભોલી સીંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડ થી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, કોસાડ વિગેરે વિસ્તારમાંથી વેરા પેટે રૂા.૩૨,૬૯,૩૪૫/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૩,૧૦,૧૨૦/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૨૧૦ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૮,૩૫,૦૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૧,૪૮,૬૫૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે અગામી તા.૦૬/૦૧/૨૦૧૫ થી તા.૨૦/૦૧/૨૦૧૫ ના રોજ 'માર્સ મિશન એકઝીબીશન–૨૦૧૫' નું આયોજન કરવામાં આવેલ છે.

સદર પ્રદર્શનમાં વિવિધ મોડેલ્સ અને તેની વિગત પ્રદર્શિત કરવામાં આવશે જે દ્વારા વિદ્યાર્થીઓ અને શહેરના નગરજનોને માર્સ મિશન તેમજ વર્લ્ડ સ્પેસ સાયન્સ અંગેની વિસ્તૃત માહિતી ઉપલબ્ધ થશે. ઉપરાંત માર્સ મિશન એકઝીબીશન –૨૦૧૫ ના ભાગ રૂપે તા.૧૧/૦૧/૨૦૧૫ તથા તા.૧૮/૦૧/૨૦૧૫ ના રોજ ઈનોવેટીવ જંકીશના પ્રતિનિધિ દ્વારા સાયન્સ લેકચરનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં ભાગ લેવા માટે સાયન્સ સેન્ટર સુરત ખાતે તા.૮/૦૧/૨૦૧૫ સુધી રજીસ્ટ્રેશન ફોર્મ લઈ સવારે ૧૦:૦૦ થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી જમા કરાવવાનું રહેશે. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

સદર પ્રદર્શન જાહેર જનતા  પ્રદર્શનઃ તા.૦૬/૦૧/૨૦૧૫ થી તા.૨૦/૦૧/૨૦૧૫ દરમ્યાન નિહાળી શકાશે.

તા.૦૬ થી ૦૯, ૧૩, ૧૫, ૧૬ અને ૨૦ (સમય – ૦૯:૩૦ થી ૦૪:૩૦)

તા.૧૦,૧૧, ૧૭ અને ૧૮ (સમય – ૦૯:૩૦ થી ૦૬:૩૦)

તા.૧૨,૧૪ અને ૧૯ નાં રોજ પ્રદર્શન બંધ રહેશે.

વધુમાં ઉકત પ્રદર્શન સાથે ઉત્તરાયણ પર્વ નિમિત્તે પતંગ પ્રદર્શન પણ આર્ટ ગેલેરીના પ્રથમ માળ પર, ઉપર જણાવેલ સમય અને તારીખ દરમ્યાન વિના મૂલ્યે નિહાળી શકાશે.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

## પૂર્વઝોન (વરાછા) માંસમાવિષ્ટ  અશ્વનીકુમાર વિસ્તારમાં ડિમોલીશનની કામગીરી.

પૂર્વ(વરાછા)ઝોનમાં ટી.પી. સ્કીમ નં. ૪ (અશ્વનીકુમાર–નવાગામ) ના ફા.પ્લોટ નં. ૧૬૮ પૈકીમાં આવેલ પટવા બિલ્ડીંગના નામે ઓળખાતી મિલકતમાં હયાત ગ્રાઉન્ડ ફલોર + પ્રથમ માળ ના બિલ્ડીંગ પર બીજો માળ બનાવવાના ઈરાદે કરવામાં  આવેલ સેન્ટરીંગ–શટરીંગનું આશરે ૨૫૧.૦૦ ચો.મી. ના માપ વિસ્તારનું બાંધકામ આજરોજ દુર કરવામાં આવેલ છે. ૯૫૦

# પ્રેસ નોટ – સુરત મહાનગરપાલિકા – જી.આઈ.એસ. બેઝ ઓનલાઈન સીસ્ટમ

જીઓગ્રાફીક ઈન્ફોર્મેશન સીસ્ટમ (જી.આઈ.એસ)એ શહેરી વિસ્તારમાં સચોટ અને ઝડપી નિર્ણયો લેવાની સવલત પુરી પાડતી અદ્યતન ટેકનોલોજી છે. સદર સીસ્ટમ સુરત મહાનગરપાલિકા તેમજ શહેરીજનોના બહોળા ઉપયોગ માટે છે. આ સીસ્ટમનો ઉદેશ્ય ઈ–ગવર્નન્સ થકી જનતાને પારદર્શક રીતે વહીવટી તંત્રની નજીક લાવવાનો છે.

આ જી.આઈ.એસ સીસ્ટમ અંતર્ગત સુરત શહેરનો બેઈઝ મેપ સહીતનો ડેટાબેઈઝ તેમજ વિવિધ ઉપયોગો મુજબની એપ્લીકેશનો તૈયાર કરવાની રહે છે. ડેટાબેઈઝમાં ડેવલોપમેન્ટ પ્લાન, વિવિધ ટાઉન પ્લાનીંગ સ્કીમો, પ્રોપર્ટી ટેક્ષની વિગતો તેમજ ડ્રેનેજ, પાણી, સ્ટોર્મ, બ્રીજ, સ્ટ્રીટ લાઇટ વિગેરે સુવિધાઓની માહિતી સાંકળી લેવામાં આવેલ છે. ઉપરોકત ડેટાબેઈઝમાં હાલ પ્રોપર્ટી ટેક્ષના મેપીંગની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. હાલમાં ફાયનલ ટાઉન પ્લાનીંગ સ્કીમોના નકશા તેમજ એફ–ફોર્મ/ વિકાસ પરવાનગીઓ/ બી.યુ.સી તેમજ સ્ટ્રીટ લાઈટ અને હાઈડ્રોલીક વિભાગની માહિતી/વિગતો ને આવરી લેતુ સીટીઝન ઈન્ટરફેસ તૈયાર કરવામાં આવેલ છે. જે તા.૦૩/૦૧/૨૦૧૫ના રોજ ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ હસ્તે લોંચ થનાર છે.

સદર સીટીઝન ઈન્ટરફેસ થકી પ્રથમ તબકકે શહેરીજનો સુરત મહાનગરપાલિકાની વેબ પોર્ટલ www.suratmunicipal.gov.in પરથી પોતાના અંગત કામ માટે મુખ્યત્વે નીચે મુજબની સુવિધાઓ તથા વિવિધ યુટીલીટીની વિગતો જાણી શકશે.

૧. શહેર વિસ્તારમાં સામેલ ફાયનલ ટાઉન પ્લાનીંગ સ્કીમની વિગતો – ટી.પી.પાર્ટ પ્લાન તથા એફ–ફોર્મની નકલો .

૨. મિલકતની સ્થળ સ્થિતિની વિગતો દર્શાવતી સેટેલાઈટ ઈમેજો.

૩. ફાયનલ ટી.પી.સ્કીમોમાં આપવામાં આવેલી વિકાસ પરવાનગીની વિગતો.

૪. ફાયનલ ટી.પી.સ્કીમોમાં આપવામાં આવેલી વસવાટની પરવાનગીની વિગતો.

૫. પાણીની લાઈનના નેટવર્ક સબંધી વિગતો.

૬. ડ્રેનેજના નેટવર્ક સબંધી વિગતો.

૭. સ્ટ્રીટ લાઈટ સબંધી વિગતો

ઉપરોકત સુવિધાઓ ઉપરાંત, પણ નજીકના ભવિષ્યમાં સુરત મહાનગરપાલિકાને સંલગ્ન ઘણી વધુ સેવાઓ / સુવિધાઓ આ જી.આઈ.એસ. સીસ્ટમ અંતર્ગત ઉપલબ્ધ થનાર છે. આ સીસ્ટમ સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્રને પણ ઝડપી તેમજ સચોટ નિર્ણયો લેવામાં મદદરૂપ થશે. આ પ્રકારના ઘનીષ્ઠ જી.આઈ.એસ પોર્ટલ બાબતે સુરત મહાનગરપાલિકા દેશમાં અગ્રેસર છે.

જાહેર જનતાને પોતાની જગ્યા/ પ્લોટની વિગતો જાણવા માટે કે તેના નકશા મેળવવા માટે ઓફીસ પર જઈ નિયમોનુસાર અરજી કરી જરૂરી નકલો મેળવવાની રહે છે, પરંતુ જી.આઈ.એસ. સીસ્ટમ થકી સદર માહીતી મેળવવામાં નાગરિકોની સરળતા વધશે.આ એક પારદર્શક વહિવટની ઉત્તમ વ્યવસ્થા ઉભી કરવાનો પ્રયાસ છે. વધુમાં, નાગરિકો પોતાની મિલકતને સેટેલાઈટ ઈમેજ પર જોઇ શકશે તથા તેને સંલગ્ન માહીતી જેવી કે ટી.પી.સ્કીમ, ફાયનલ પ્લોટ, રે.સ.નં./બ્લોક નં. વિગેરે જાણી શકશે. વધુમાં લોકોના ફીડબેક આ સીસ્ટમને વધુ સરળ અને નવીનત્તમ બનાવવા મદદરૂપ થશે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં આજરોજ સાઉથ ઈસ્ટ ઝોન( લિંબાયત ) વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં. ૮(ઉમરવાડા) તથા ટી.પી.સ્કીમ નં. ૩૪(મગોબ–ડુંભાલ) ના કાર્યક્ષેત્રમાં હેઠળ આવતા સુરત કડોદરા મુખ્ય માર્ગ ઉપર સહારા દરવાજા ગરનાળાથી પરવટ આઈ માતા ચોક વચ્ચેના વિસ્તારમાં વર્ષોથી સરેઆમ રસ્તાની વચ્ચે ઉભા રહી આમ જનતા સાથે દાદાગીરી કરી તથા ટ્રાફિકના પ્રશ્નો સર્જતા લારી–ગલ્લાવાળા / પાથરણાવાળા / ફ્રુટવાળા /ટેમ્પાવાળા / રીક્ષા વિ. ઉભા રાખી અંડીગો કરતા તત્વો સામે ઝોનનાં ઝોનલ ચીફ શ્રી જે.કે.શાહ દ્વારા લાલ આંખ કરતા નાસભાગ મચી જવા પામેલ હતી.પરંતુ આગોતરા કારગત આયોજનનાં કારણે આવા ઈસમો છટકી જવા પામ્યા ન હતા. જેમાં એપીએમસી માર્કેટ સંલગ્ન વિસ્તારમાં કુલ્લે ૬૮ થી વધુ ખુલ્લી / બંધ લારીઓ જપ્ત કરવામાં આવેલ છે. તદઉપરાંત સદરહું માર્ગ પર આવેલ કાશી પ્લાઝા ૧–૨માં આવેલ સોમનાથ ટી–સ્ટોલ વાળી મિલ્કતનાં માર્જીનવાળા ભાગમાં કરવામાં આવેલ ગેરકાયદેસર પરવાનગી વગરના પતરાના શેડ ,ડિસન્ટ રેસ્ટોરન્ટનો દાદર, સદર બિલ્ડીંગના બેક સાઈડ માર્જીનમાં બનેલ દુકાનો / ગોડાઉનો વિ.નો ભૂકકો બોલાવવામાં આવેલ.તથા સર્વોત્તમ રેસ્ટોરન્ટની બાજુમાં બનેલ પતરાનાં ગેરકાયદેસર શેડ અને સરદાર પેલેસ બિલ્ડીંગના હોદ્દેદારો દ્વારા રોડ સાઈડમાર્જીન કવર્ડ કરી પાર્કિંગની જગ્યામાં અનધિકૃત રીતે દુકાનો / ગોડાઉનો બનાવી શાકભાજીનો વેપાર કરતા ઈસમોને ભાડે આપી ભાડુ ઉઘરાવતા હતા.ઉકત તમામ ગેરકાયદેસર બાંધકામો દુર કરવામાં આવેલ છે જેને પરિણામે કાયદાને અનુસરતા નાગરિકોમાં હર્ષની લાગણી વ્યાપી ગયેલ.

સદર કામગીરીમાં લિંબાયત ઝોનના ઝોનલ ચીફશ્રીની ઉપસ્થિતીમાં સીધા માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રીની રાહબરી હેઠળ ઝોનના શહેર વિકાસ વિભાગ / દબાણ વિભાગ ,રોડ વિભાગ,આરોગ્ય વિભાગ તેમજ અન્ય ઝોનની ટીમો જેવી કે સેન્ટ્રલ ઝોન,ઉધના ઝોન, કતારગામ ઝોન ,વરાછા ઝોનની ટીમો દ્વારા માર્જીનનું દબાણ / ગેરકાયદેસર બાંધકામ અને આરોગ્યલક્ષી કામગીરી બાબતે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે કામગીરી માટે ખાનગી એજન્સી સહિતનાં ૧૧૦ થી વધુ બેલદારો, ૦૩ નંગ જે.સી.બી.મશીન, ૦૫ નંગ ગેસ કટર, ૦૮ ટ્રક ,૦૨ ટ્રેકટર સહિતની મશીનરી રોકવામાં આવેલ , અને આશરે ૮૦૦૦ થી વધુ ચો.ફુટ ગેરકાયદેસર માર્જીનનાં બાંધકામ /દબાણો દુર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ. સદર કામગીરીના આરંભે ફેરિયાઓ / દુકાનદારો / લારી ગલ્લાવાળા વિ. દ્વારા વિરોધ કરવામાં આવેલ .પરંતુ સુરત મહાનગરપાલિકાના સ્ટાફ દ્વારા મકકમતાથી ધાર્યુ કામ પાર પાડવામાં સફળતા મળેલ છે.અને આ કામે આરોગ્ય વિભાગ અને ઈજનેરી વિભાગ દ્વારા સંયુકત રીતે રૂા. ૬૬,૦૦૦/– થી વધુ રકમ દંડ પેટે સ્થળ પર જ વસુલાત કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૦૧/૦૧/૨૦૧૫ નાં રોજ શહેરમાં આવેલ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારીઓ પર વેચાતા ખાદ્ય પદાર્થની તથા કામગીરી સાથે સંકળાયેલ કર્મચારીઓના વ્યકિતગત Hygiene ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ.

આ અભિયાન દરમ્યાન ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી કુલ ૧૦૬૨ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારી વિગેરે સંસ્થાઓ ચેક કરવામાં આવેલ છે તથા વિવિધ ખામી / ઉણપો બદલ કુલ–૪૪૬નોટીસ પાઠવી, રૂા. ૧,૩૩,૦૫૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વધુમાં, આ અભિયાન દરમ્યાન કુલ ૨૭૧.૩૦૦ ખાદ્યપદાર્થનો નાશ કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહેર માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવેલ છે. જેથી ''સ્વચ્છ સુરત, સુંદર સુરત'' ની છબી બગડવા ન પામે તે હેતુસર, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતર્ગત તા.૧૩ ઓકટોબર ૨૦૧૪ થી ૧૮ ઓકટોબર ૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની પ્રથમ તબકકાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ પ્રથમ તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી કુલ ૯૦,૩૨૯, દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવેલ, જે પૈકી ૭૭,૨૯૯ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૧૧,૮૬૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મુકવામાં આવેલ હોવાનું જણાયેલ. જે ૧૧,૮૬૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મળેલ તેવી સંસ્થાઓની વિગતવાર માહિતી સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ ઉપર મુકવામાં આવેલ છે. વધુમાં, આગામી તા.૦૫ જાન્યુઆરી ૨૦૧૫ થી ૧૦ જાન્યુઆરી ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન, સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની બીજા  તબકકાની ચકાસણી કરવાની ઝુંબેશ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવનાર છે. જે અન્વયે દરેક ઝોન દીઠ ૨૦ ટીમ (દરેક ટીમમાં ૦૨ સભ્યો) દ્વારા દરરોજ સવારે ૧૧:૦૦ કલાક થી ૧:૦૦ કલાક તથા સાંજે ૫:૦૦ કલાક થી ૭:૦૦ કલાક દરમ્યાન કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ કરવામાં આવનાર છે. આ ચેકીંગ દરમ્યાન જે સંસ્થાઓ / દુકાનોમાં ડસ્ટબીન ન હશે તો, તેવી સંસ્થાઓ / દુકાન ધારકો પાસેથી નિયમોનુસાર વહીવટી ચાર્જની રકમ વસુલાત કરવામાં આવશે. આ કામગીરી અંગે સુરત મહાનગરપાલિકાને પુરતો  સહકાર આપવા,  જાહેર જનતા તથા તમામ કોમર્શીયલ સંસ્થા / મોલ / માર્કેટ / દુકાન ધારકોને નમ્ર અપીલ છે. વધુમાં, પ્રથમ તબકકાના અભિયાન એટલે કે તા.૧૩/૧૦/૨૦૧૪ થી તા.૧૮/૧૦/૨૦૧૪ દરમ્યાન શહેરની જે કોમર્શીયલ સંસ્થા / દુકાનો ડસ્ટબીન વગર મળી આવેલ હતી તે જ સંસ્થાઓ જો બીજા તબકકાની એટલે કે, તા.૦૫/૦૧/૨૦૧૫ થી તા.૧૦/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળાની કામગીરી દરમ્યાન પણ ડસ્ટબીન વિનાની માલુમ પડશે તો, તેવી સંસ્થાઓ પાસેથી નિયત કરેલ વહીવટી ચાર્જ કરતાં દોઢગણો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવશે.

## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટઝોન (લિંબાયત)માં મંજુર ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૧ (પરવત–ગોડાદરા)માં સમાવિષ્ટ ફા. પ્લોટ નં. ૧૦ માં આવેલ સંતોષ નગર સોસા.માં આજરોજ ગેરકાયદેસર બાંધકામના ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ.

મંજુર ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૧(પરવત–ગોડાદરા) માં મોંજે પરવતમાં આવેલ સંતોષનગર સોસા.મા મિલકતદારો દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરાતુ હોવાની ફરીયાદ ઉઠવા પામી હતી. તદ્ઉપરાંત ઝોન કચેરી તરફથી પણ તપાસ કરતા સંતોષનગર સોસાયટી અને શંકરનગર સોસાયટીની હદરેખા પર સંતોષનગર સોસાયટીના પ્લોટનં. ૩૦૬માં મિલકતદારો દ્વારા પ્લોટ તથા તેને અડીને આવેલી કોમન જગ્યા ભેગી કરીને ગ્રાઉન્ડ તથા પહેલામાળે ખોલીઓ બનાવવાના હતુથી બાંધકામ ચાલુ કરવામાં આવેલ. આ બાંધકામને ઝોન કચેરીના સ્ટાફ દ્વારા વારંવાર અટકાવી સ્મલ્કતદારોને બાંધકામ ન કરવા ચેતવણી આપવામાં આવેલ. પરંતુ મિલકતદારો દ્વારા ખોલીઓ પાડી ભાડે આપવાના હેતુસરનું કોમર્શીયલ પ્રકારનું બાંધકામ ચાલુ રાખવામાં આવેલ હતું

આથી આજરોજ તા. ૦૨/૦૧/૨૦૧૫ના રોજ લિંબાયત ઝોન કચેરીના શહેર વિકાસ વિભાગના સ્ટાફ તથા ખાનગી કોન્ટ્રાકટરના માણસોની મદદથી સદરહુ મિલ્કતના ડીમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં આશરે ૧૬૦૦ ચો. ફુટ જેટલું પ્રથમમાળે આર.સી.સી. સ્લેબ ભરવામાટે કરેલ સેન્ટરીંગ અને શટરીંગ ખોલી નાંખવામાં આવેલ, આશરે ૨૦૦૦ ચો.ફુટ જેટલું ચણતરકામનું ડીમોલીશન કરવામાં આવેલ. તથા ડીમોલીશન ચાર્જ પેટે મિલ્કતદારો પાસેથી રૂ.૨૫,૦૦૦/– વસુલવામાં આવેલ.

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૧/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૪૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૪,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૨૫૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૮૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૫ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર પારસ સોસાયટી, વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ, ડભોલી સીંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડ થી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, અમરોલી, કોસાડ, ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ વિગેરે વિસ્તારમાંથી વેરા પેટે રૂા.૧૮,૯૮,૪૭૬/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૨,૨૧,૯૦૯/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૪૭ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૫,૩૪,૬૪૨/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા.૬૮,૬૦૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ

સુરત :– " સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં  ઝોનલ ચીફ તથા કાર્યપાલક ઈજનેરશ્રી, આસી.કમિશ્નરશ્રી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રીની ઉપસ્થિતીમાં ઉમરવાડા ટેનામેન્ટ સંલગ્ન વિસ્તારમાં આંતરીક રસ્તાઓ ઉપર ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે કામગીરીમાં આરોગ્ય/ઈજનેરી વિભાગદ્વારા કુલ–૦૯ ટ્રેકટર, ૦૩ ટ્રક અને આશરે કુલ–૧૪૫ થી વધુ આરોગ્ય/ઈજનેરી વિભાગ તથા ખાનગી એજન્સીના બેલદારોએ કામગીરી કરી હતી. સદર કામગીરીમાં ૧૫ થી વધુ લારીઓ જપ્ત કરવામાં આવેલ અને સદર વિસ્તારમાં આવેલ લક્ષ્મી ટ્રાન્સપોર્ટ સહીતના વિવિધ ટ્રાન્સપોર્ટ ગોડાઉનના સંચાલકો પાસેથી ગેરકાયદેસર માર્જીન કવર્ડ દુર કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ અને આશરે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું ખાડી કિનારે લાગુ દબાણ દુર કરવામાં આવ્યો હતો તેમજ રૂા.૭૮,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવ્યો હતો. સદર કામગીરી દરમ્યાન શરૂઆતમાં દબાણ કરનારાઓએ વિરોધ કરેલ પરંતુ ઝોનલ ચીફના કડક વલણને પરીણામે ગેરકાયદેસર દબાણો ઉભા કરનાર હતપ્રભ થઈ જવા પામેલ અને સ્વેચ્છાએ દબાણ દુર કરવાની બાંહેધરી આપતા, સુરત મહાનગરપાલિકા દ્વારા સ્થળ ઉપર જ રૂા.૫૦,૦૦૦/– જેટલી ડીમોલેશન ચાર્જ ડીપોઝીટ તરીકે ઈજનેરી વિભાગ દ્વારા વસુલવામાં આવેલ છે. તેમજ જાહેર સ્થળે કચરો નાંખતા ઈસમ/સંસ્થાને કુલ–૩ર નોટીસ આપી ૩૫ ઈસમો પાસેથી રૂા.૮૦,૪૦૦/– ની વહીવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવી હતી. તેમજ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા રૂા.૬૫,૦૦૦/– વ્યવસાયવેરો સ્થળ ઉપર જ વસુલવામાં આવ્યો હતો. આ અભિયાન દરમ્યાન કુલ રૂા.૧,૫૮,૪૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં આ સમગ્ર વિસ્તારમાં પ્રચાર ગાડી મારફત પ્રચાર કરી, રહીશો તથા દુકાનદારોને કચરો ડબ્બામાં જ રાખવા માટે કચરાનો નિકાલ, ડોર–ટુ–ડોર ગાડીમાં કરવા તેમજ કચરાનો ડબ્બો દુકાનોમાં રાખવા માટે જણાવવામાં આવ્યું હતું. મચ્છરની ઉત્પતિ ન થાય તે માટે પ્રાયમરી હેલ્થ વર્કરો દ્વારા ઘરે–ઘરે મુલાકાત લઈને લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

## પૂર્વઝોન (વરાછા) માંસમાવિષ્ટ પુણા વિસ્તારમાં ડિમોલીશનની કામગીરી તેમજ દબાણ ઉચકવાની કામગીરી.

પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં મોજે : પુણા તથા ડ્રા.ટી.પી.સ્કીમ નં.૧૧(પુણા), બ્લોક નં. ૪૫૮ માં આવેલ સત્યનારાયણ સોસાયટીમાં ૧૨.૦૦ મી. ટી.પી. રસ્તાની અસરમાં કરવામાં આવેલ દબાણ પૈકીના ઓટલાં, જાળી, દાદર, હોર્ડીગ્સ, બેનરો વિગેરે દુર કરીને આશરે ૩૬૦૦.૦૦ ચો.ફુટ જગ્યામાં ટી.પી. રસ્તાનું દબાણ દુર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

આજરોજ પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ખોડિયારનગર રોડ, વૈશાલી રોડ તથા લંબે હનુમાન રોડથી સહજાનંદ ખાડી તરફ જતાં ૧૫૦.૦૦ ફુટના રસ્તા પરથી બપોરે ૪:૦૦ વાગ્યા સુધીમાં આશરે લારી નંગ– ૯૦, તથા પાથરણાં નંગ–૧૩૧ ઉચકવાની કામગીરી કરવામાં આવેલ છે. અને હજી મોડી સાંજ સુધી દબાણ દુર કરવાની કામગીરી ચાલુ રાખવામાં આવનાર છે.

ઉકત કામગીરી અત્રેના પૂર્વ(વરાછા)ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતાના સ્ટાફ તથા દબાણ ખાતાનો સ્ટાફ સાથે પાર પાડવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત ૧૦૦૪ આંગણવાડી કેન્દ્રો ખાતે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ વિવિધ સંસ્થાઓ દ્વારા આંગણવાડી દત્તક લેવામાં આવે છે.જેમાં દત્તક લેનાર સંસ્થા દ્વારા આંગણવાડીના બાળકોને પૂરક પોષણ આહાર તેમજ આંગણવાડી ખાતે જરૂરીયાત ચીજવસ્તુઓ આપવામાં આવે છે.

વરાછા વિસ્તારની ૩૧ આંગણવાડી કેન્દ્રો લોક દ્રષ્ટિ ચેરીટેબલ ટ્રસ્ટ તથા શાંતિ ઉત્કર્ષ મહિલા મંડળ દ્વારા લેવામાં આવેલ છે.જે પૈકી શાંતિઉત્કર્ષ મંડળના પ્રમુખ શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા દ્વારા કુલ ૩૧ આંગણવાડી કેન્દ્રોને ૩૧ શેતરંજી,કેલેન્ડર્સ,સ્લેટ પાટી તથા રમકડાના સેટનું વિતરણ તા.૨૬/૧૨/૨૦૧૪ ના રોજ સુમન હાઈસ્કુલ નં ૨,માતાવાડી ખાતે સમારંભ યોજી કરવામાં આવેલ છે.

આ સમારંભમાં માન.ધારાસભ્યશ્રી જનકભાઈ બગદાણાવાળા,માન.ડે.મેયર શ્રીમતી રંજનબેન વેકરીયા,લોક ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી પ્રફુલ શિરોયા,ગજેરા ટ્રસ્ટના પ્રતિનિધિ તથા અન્ય મહાનુભવો હાજર રહેલા હતા.કાર્યક્રમની શરૂઆત આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી.ત્યારબાદ સ્વાગત પ્રવચન શાંતિઉત્કર્ષ મંડળના પ્રમુખ શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા દ્વારા કરવામાં આવ્યું.આઈ.સી.ડી.એસ. મેડીકલ ઓફિસર ડો.એચ.કે.સોંધરવા દ્વારા આઈ.સી.ડી.એસ વિભાગની કામગીરીની માહિતી આપવામાં આવી.



માન.ધારાસભ્યશ્રી જનકભાઈ બગદાણાએ શાંતિ ઉત્કર્ષ મહિલા મંડળના પ્રમુખશ્રીને આંગણવાડી દત્તક લેવા બદલ તેમજ આંગણવાડીમાં જરૂરિયાત ચીજવસ્તુઓ દાન આપવા બાબત બિરદાવેલ અને ત્યાં હાજર અન્ય અગ્રણીઓને આ રીતે સમાજના જરૂરીયાતમંદોને મદદરૂપ થવા હાકલ કરેલ હતી.તેમણે સુરત શહેરની તમામ આંગણવાડી પાકા મકાનમાં બે વર્ષમાં થવા બાબત ખુશી વ્યકત કરી હતી અને સુરત શહેર પોષણયુકત બને તે રીતે સંસ્થાઓએ આગળ આવી સરકારના શુભ કાર્યમાં ભાગીદાર બનવા જણાવ્યું હતું. આ કાર્યક્રમની આભાર વિધિ ડો.પ્રફુલ્લ શિરોયા દ્વારા કરવામાં આવેલ તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જગદીશ ચાવડા જ્ઞાનયોગ એકેડેમી,વરાછા દ્વારા કરવામાં આવેલ હતું.

## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત ૧૦૦૪ આંગણવાડી કેન્દ્રો પૈકી ઉધના,અઠવા ઝોનની ૨૪૬ આંગણવાડી કેન્દ્રોના આંગણવાડીના ૩ થી ૬ વર્ષના અંદાજીત ૬૧૫૦ બાળકોને ઉધના વિસ્તારના દાતાઓ દ્વારા મળેલ દાન દ્વારા મગજ(સ્વીટ)નું વિતરણ કરવામાં આવેલ છે.

માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ની જુલાઈ–૨૦૧૪ દરમ્યાન સુરત શહેરની મુલાકાત દરમ્યાન ઉધના વિસ્તારના કાર્યક્રમમાં આવેલ હતા ત્યારે તેમની હાજરીમાં દાતાઓ દ્વારા ૧૬૦ લિટર સીંગતેલ આંગણવાડીના બાળકોને દાન પેટે આપવામાં આવેલ હતું.આ સીંગતેલનો ઉપયોગ થાય તે માટે હાલ શિયાળાની સીઝનમાં બાળકોને મગજ આપવાનું નકકી કર્યુ. આ સ્વીટ બનાવવા જરૂરી અન્ય સામગ્રી જેમ કે ચણાનો લોટ–૧૦૬ કિગ્રા,દળેલી ખાંડ–૧૦૦ કિગ્રા,ઈલાયચી–૫૦૦ ગ્રામ અન્ય દાતાઓ દ્વારા પ્રાપ્ત થયેલ હતું.જે સમગ્ર ચીજવસ્તુઓને એકત્રિત કરી મહિલા ઉદ્યોગ સહકારી મંદિર,ગોપીપુરા દ્વારા વિના મૂલ્યે મગજ બનાવી આપેલ.આ મગજ ઉધના અને અઠવા ઝોનની ૨૪૬ આંગણવાડી કેન્દ્રોના ૩ થી ૬ વર્ષના ૬૧૫૦ બાળકોને તા.૨૬/૧૨/૨૦૧૪ ના રોજ વિતરણ કરેલ હતું.



આમ આંગણવાડીમાં બાળકોને પૌષ્ટિક પૂરક પોષણ આહાર આપવા વિવિધ સંસ્થાઓ મદદરૂપ થયેલ હતી.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૦૨/૦૧/૨૦૧૫ નાં રોજ શહેરમાં આવેલ બ.ોહ માર્કેટ તથા અન્ય શાકભાજી માર્કેટ, ફ્રુટ માર્કેટ તથા દૂધ ડેરીઓની આસપાસ ઘનિષ્ઠ સફાઈની કામગીરી હાથ ધરવામાં આવેલ.

આ અભિયાન દરમ્યાન કુલ ૮૦ શાકભાજી માર્કેટ, ૮૪ દૂધ ડેરીઓના પ્રિમાસીસ તથા આસ–પાસના વિસ્તારોમાં ઘનિષ્ઠ સાફ–સફાઈની કરી, જરૂર જણાય ત્યાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો. જે દરમ્યાન ૧૫૮.૨૦૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવ્યો, ૬૫.૭૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં કરવામાં આવ્યો અને સ્વચ્છતા વિરુધ્ધ પ્રવૃત્તિ આચરતા ઈસમોને ૧૩૭ નોટીસ પાઠવી કુલ રૂા.૩૮,૪૫૦ /– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો.